
ડાહીગૌરી કૃત

ઊનનું ગૂંથણ કામ

ભાગ પહેલો



ઊનનું ગૂંથણ કામ

ભાગ પહેલો

(ગલપટો, રૂમાલ, ઝબલું, ટોપી, મોજાં, બૂટ, વાસ્કોટ, સ્વેટર, પોલકાં, વિગેરે)

લેખિકા

શ્રીમતિ ડાહીગૌરી વાલંભીયા

મૂલ્ય સવા રૂપિયો

: પ્રકાશક :

હીરજી ભીમજી વાલંભીયા

A. M. I. B. E., M. I. E. T., A. M. Tech. I.

જામનગર

આવૃત્તિ પહેલી

પ્રત ૧૧૦૦

એજન્ટ

ગુર્જર વૉચ કંપની

ઘડીઆળ અને ચશ્માના વેપારી

ગર્લ્સ હાઈસ્કૂલ સામે

જામનગર

મુદ્રક : મનુભાઈ અમૃતલાલ શેઠ, સ્વાધીન મુદ્રણાલય : રાણપુર

અર્પણ

પૂજ્ય માતુશ્રી

આપના પવિત્ર માતૃપ્રેમથી પ્રેરાઇ આ પુસ્તક આપના ચરણોમાં અર્પણ કરૂં છું.

લી.

આપની ઋણી પુત્રી

ડાહીગૌરી

બ્હેન.....................

આ પુસ્તક આપને સપ્રેમ ભેટ આપું છું તે સ્વીકારશો.

લી.

....

વ્હાલી બ્હેનો

આ નાનકડું પુસ્તક આપની પાસે રજૂ કરતાં મને અતિ આનંદ થાય છે. હું કોઈ લેખિકા નથી કે નથી મારો એટલો અભ્યાસ. પણ આ કળા શિખવા માટે મને જે કડવા અનુભવો થયા છે તે મારી બ્હેનોને ન થાય એ ઉદ્દેશથી અને આપણી ભાષામાં આવા પુસ્તકની ઉણપ ઓછી કરવાની ભાવનાથી મેં આ જહેમત ઉઠાવી છે.

જો આપનો સંપૂર્ણ સત્કાર મળશે અને પરમાત્માની સહાનુભુતિ હશે તો આ દિશામાં વધુ પ્રયાસ કરવા ઇચ્છા છે. કન્યાશાળાઓમાં પાઠ્ય પુસ્તક તરીકે ઉપયોગ થઇ શકે તે માટે આ પુસ્તકની પદ્ધતિ જાળવવા બનતો પ્રયાસ કર્યો છે.

નુતન વર્ષ
સંવત ૧૯૯૬
ઠે. નવી જેલ પાસે
જામનગર

લી.
તમારી બ્હેન
ડાહીગૌરી

અનુક્રમણિકા

લખાય છે

"ઊનનું ગૂંથણ કામ"

ભાગ બીજો

અવનવી અને રંગબેરંગી અનેક પ્રકારની ભાતનાં ગૂંથણ કામ અને તેની રીતો આપવામાં આવશે.

પહેલા ભાગના આપના સત્કાર પર બીજા ભાગની સુંદરતા આધાર રાખે છે.

હીઈ...મારૂં સ્વેટર કેવું સરસ છે ?



આવાં સુંદર સ્વેટરો વિગેરે ગૂંથવાની વિગત માટે
બીજો ભાગ જરૂર મેળવજો

૧ માલ અને સાધનો

આ ચોપડીમાં આપેલું ગૂંથણકામ ઊન વડે કરવામાં આવે છે. જેટલી જાડાઈની ઊન વાપરીયે તેને હિસાબે જાડાઈના સુયા વાપરવા જોઇએ. ઊનને બદલે જાડા સૂતરાઉ રંગીન દોરા વાપરવાથી પણ કામ થઇ શકે છે. પણ તે દોરાની જાડાઇ ઊનના દોરાની જાડાઇ જેટલી જ હોય તો બતાવેલા માપનું ગૂંથણ થઇ શકે.


ઊન. : ચોપડીમાં આપેલ જાડાઇના ઉનના દોરા વાપરવાથી જ આપેલ માપ પ્રમાણે કામ થઇ શકે છે. સારી ઊંચી જાતની ઊન સરવાળે સસ્તી પડે છે કારણ કે હલકી જાતની ઊન વજનમાં વધારે હોય છે, જ્યારે સારી જાતની ઊનનો દોરો નરમ અને તાણવાથી લાંબો થઇ શકે તેવો હોય છે. હલકી ઊનનો દોરો સખત અને તાણવાથી લાંબો થતો નથી એટલે હલકી ઊન વજનમા વધારે જોઇએ છે. માટે હલકી ઊનનો ભાવ સસ્તો હોય તો પણ કામ સસ્તું પડતું નથી અને સારૂં કામ પણ થતું નથી.

ઊનના દોરા બેવડા ત્રેવડા અને ચોવડા વણેલા આવે છે. તેમાં પણ જુદી જુદી કંપનીના બનાવેલા માલમાં જાડાઇમાં અને કવો લીટીમાં ફેર હોય છે. વળી કેટલીક ઊનમાં સાથે રેશમનો તાંતણો વણેલો હોય છે જે ચળકાટ આપે છે. આથી દેખાવ સુંદર લાગે છે. કેટલીક ઊન જુદા જુદા બે રંગના દોરાની વણેલી હોય છે અને તેમાં પણ જુદી જુદી ફેશનથી વણેલી હોય છે, જે વાપરવાથી ગૂંથણ જુદી જુદી ડીઝાઇનનું અને શુશોભિત કાબરા રંગનું થાય છે.

એક એક અથવા બબ્બે ઔંસના દોરા અથવા ઊનની ઝુડીઓ બજારમાં વેચાય છે એટલે આ હિસાબે જેટલી ઊન જોઇએ તેટલી મળી શકે છે. (એક ઔંસ એટલે અઢી તોલા)

સુયા. એક નંબરથી સત્તર નંબર સુધીના જુદી જુદી જાડાઇના સુયા આવે છે. એક નંબરના સુયા સૌથી જાડા અને સત્તર નંબરના સૌથી પાતળા એમ ચડઉતર જાડાઇ તેના નંબર પ્રમાણે હોય છે. તેમજ જુદી જુદી કંપનીના બનાવેલા સુયા એકજ નંબરના હોવા છતાં જાડાઇમાં થોડો ફરક હોય છે.


એકથી બાર નંબરના સુયા કચકડા, બનાવટી હાથીદાંત અથવા લાકડાના આવે છે. જાડા સુયા લાકડા અથવા વાંસના પણ બનાવી શકાય છે. સાધારણ રીતે એકથી પાંચ નંબરના સુયા ચાલુ વપરાશમાં આવતા નથી. **આકૃતિ ૧લીમાં** આ પ્રકારના સુયાની અણીઓ અને નંબર પ્રમાણે જાડાઇ બતાવી છે.



આકૃતિ ૧લી

સુયાને એક છેડે આકૃતિમાં બતાવી છે તેવી અણી અને બીજે છેડે ગોળ ટોપકું હોય છે અને કુલ લંબાઇ છ ઇંચથી અઢાર ઇંચ સુધીની હોય છે. નાના કામ માટે નાના અને મોટા કામ માટે મોટા સુયા વાપરવાથી ગૂંથવામાં સહેલાઇ પડે છે નાના કામમાં મોટા સુયા વાપરવાથી ફેરવવામાં નડે છે અને મોટા કામમાં નાના સુયા ટુંકા પડે છે ને બધું ગૂંથણ સુયાપર સમાતું નથી. સાધારણ રીતે બાર તેર ઇંચના સુયા બધા કામમાં ચાલી શકે છે, ગૂંથવા માટે આ જાતના **બે સુયાની જોડી** વપરાય છે. ઊન અને સુયાનો રંગ જુદી જુદી જાતનો હોય તો ગૂંથતી વખતે આંખો ખેંચાતી નથી.

દશથી સતર નંબરના સુયા વધારે પાતળા હોવાથી લોખંડના બનાવવામાં આવે છે પણ ઉપર વર્ણવેલ કચકડાના દશ નંબરના સુયા અને આ લોખંડના સુયાની જાડાઇ અને અણીઓ નંબરવાર **આકૃતિ ૨ જી માં** બતાવેલ છે. કેટલીક કંપનીઓ આ સુયા પર નીકલનો ઓપ ચડાવે છે જેથી એકદમ લીસા અને રૂપેરી હોય છે અને કાટ ચડતો નથી.



આકૃતિ ૨ જી


આ સુયા પણ ઉપરની જાતના સુયા પ્રમાણે એક છેડે અણી અને બીજે છેડે ટોપકા-વાળા હોય છે અને ઉપરની માફક બે સુયાની જોડી વપરાય છે.

બીજા આજ પ્રમાણે નંબર અને જાડાઇના બન્ને બાજુ અણી વાળા લોખંડના સુયા પણ આવે છે. ગૂંથવા માટે આવા ચાર

સુયાનો સટ વપરાય છે. અને તેની લંબાઇ છથી સોળ ઇંચ સુધીની આવે છે. ટોપકાવાળા સુયાની માફક આ સુયા પણ કામની મોટાઇ પ્રમાણે લંબાઇના વાપરવા જોઇએ. આ સુયા વડે ગૂંથણ આખું ગોળ થાય છે અને સાંધો આવતો નથી. દાખલા તરીકે મોજાં ગૂંથવાં હોય તો આવા નાના સુયાનો સટ વાપરવો જોઇએ. બાજુમાં સાંધા ન આવે તેવું સ્વેટર ગુંથવું હોય તો આવા લાંબા સુયાનો સટ વાપરવો જોઇએ.

સાંધા વગરનાં સ્વેટર ગૂંથવા માટે ચાર સુયાના સટને બદલે **ગોળ સુયો** વાપરવાથી કામ ઘણું સહેલાઇથી થાય છે. સ્ટીલના વણેલા લાંબા તારને બન્ને છેડે ત્રણ ચાર ઇંચ લાંબી સુયાની અણીઓ જેવી ધાતુની અણીઓ હોય છે. આ અણીઓની જાડાઇ સુયાના નંબર પ્રમાણે હોય છે અને વચ્ચેની તારની દોરી પાતળી હોય છે. જેથી ગૂંથણ સહેલાઇથી ફરતું જાય છે. તાર જેમ વાળીએ તેમ વળી શકે છે એટલે સુયાને ગોળ વાળી અને બન્ને અણીઓ વડે જેમ બે સુયા વડે ગુંથવામાં આવે છે તેજ રીતથી ગૂથાય છે જેથી સાંધો આવતો નથી. મોટાં મોજાં અથવા નાનાં બચ્ચાંનાં સ્વેટર માટે સોળ ઇંચ લાંબો અને મોટાં છોકરાંનાં સ્વેટર માટે ચોવીસ ઇંચ લાંબો અને મોટાં સ્વેટર માટે બત્રીશ ઇંચ લાંબો સુયો વાપરવો જોઇએ. બહુ મોટાં સ્વેટર માટે નાનો સુયો અને બહુ નાનાં સ્વેટર માટે મોટો સુયો વાપરવો સુગમ નથી.

હુક : જેમ સુતરાઉ દોરાના ગૂંથણ માટે લોખંડના પાતળા હુક આવે છે. તેમ ઊનના ગુંથણ માટે કચકડા, બનાવટી હાથી દાંત અથવા હાડકાના જાડા હુક આવે છે. **આકૃતિ ૩ ઇ માં** આવા હુકની અણીઓની જાડાઇ અને નંબર બતાવ્યા છે. કેટલાક હુકને બીજે છેડે સાદી બુઠી અણી અને કેટલાકને ટોપકું હોય છે. જ્યારે કેટલાકને બન્ને છેડે જુદા જુદા નંબરના હુક હોય છે. આવો એક હુક લેવાથી બે હુકનું કામ કરે છે.



આકૃતિ ૩ જી

સોય : ગૂંથણના જુદાજુદા ભાગ ગુંથાઇ ગયા પછી જોડવા માટે સોયની જરૂર પડે છે. આ સોય જરા બુઠી અણીવાળી અને સાધારણ સોય કરતાં લાંબી હોવી જોઇએ. તેનું નાંકું ઊન પરોવી શકાય તેટલું મોટુ હોવું જોઇએ.

પીન : ગૂંથતાં ગૂંથતાં જ્યારે અમુક ભાગ અધુરો મૂકવો પડે ત્યારે આ પીનની જરૂર પડે છે. દાખલા તરીકે સ્વેટર ગૂંથતી વખતે જ્યારે ગળાનો ભાગ ઊતરે છે અને બે બાજુના બે ભાગ પડે છે ત્યારે એક ભાગ અધુરો મુકવો પડે છે અને બીજો ભાગ ગૂંથવામાં આવે છે. આ અધુરો મૂકવાનો ભાગ પીન પર ચડાવી દેવામાં આવે છે નહિતર બધું ગૂંથણ વિખાઇ જાય. જ્યારે એક ભાગ પૂરો ગુંથાઇ જાય ત્યારે આ ભાગના ખુટા પીન પરથી સુયા પર ચડાવી તેને પૂરો કરવામાં આવે છે.

આ પીનનો આકાર મોટી સેફ્ટી પીન જેવો હોય છે અને લગભગ ૭ ઇંચ લાંબી આવે છે. તેને અંગ્રેજીમાં **"સ્ટીચ હોલ્ડર"** કહે છે. જો આ પીન ન મળી શકે તો ઉપર વર્ણવેલ સોયમાં ઊનનો દોરો પરોવી તે સોય પર ખુટા ચડાવતું જવું અને સુયા પરથી ખુટા ઉતારતું જવું. જ્યારે અધુરા મૂકવાના બધા ખુટા દોરા પર ઊતરી જાય ત્યારે સોય કાઢી નાખી દોરાના બંન્ને છેડા નાડીની માફક બાંધી લેવા.

વાયર બ્રશ : ગૂંથેલી ચીજનો બહારનો દેખાવ ચામડીની રૂંવાટી જવો કરવો હોય ત્યારે ધાતુના કડક તારનું **"ટીઝલ બ્રશ"** વાપરવામાં આવે છે. આથી ઊનના દોરામાંથી રૂંવાટી નિકળી બહાર લીસું દેખાય છે અને **ગૂંથણુ**ના દોરા ચોખ્ખા દેખાતા નથી.

ગૂંથણુના દોરા જાડા અને મજબૂત હોય તોજ આ બ્રશ વાપરવું કારણકે બ્રશ મારવાથી જો દોરો કપાઇ જાય તો ગૂંથણુ વિખાવા માંડે. જ્યાં ઊનનો સાંધો અથવા ગાંઠ હોય ત્યાં પણ બ્રશ વાપરવામાં ખાસ કાળજી રાખવી નહિતર ત્યાંપણ ઉપર પ્રમાણેજ થશે.

બ્રશ મારવા માટે એક હાથ પર ગૂંથણ રાખી બીજા હાથમાં બ્રશ લઇ ગૂંથણુ પર દબાવવું અને ઉપાડવું. આથી બ્રશના તાર ઊનની રૂંવાટીને ઉપર ખેંચશે. એમ કરતાં કરતાં ઊનની પૂરતી રૂંવાટી ઉપડી ગઇ છે એમ જણાય ત્યારે ગૂંથણુના બીજા ભાગમાં પણ તેજ પ્રમાણે કરવું. આવી રીતે આખા ગૂંથણુ પર એક સરખી રૂંવાટી ઉપાડવી. જોઇએ તે કરતાં વધારે રૂંવાટી ઉપડે નહિ તેનું ખાસ ધ્યાન રાખવું કારણકે તેમ થવાથી ગૂંથણુ નબળું થઇ જાય છે અને જલદી ફાટી જાય છે. છતાં પણ કોઇ જગ્યાએથી દોરો તુટી જાય તો પાછળના ભાગમાં સોય વડે આંટી નાખી બાંધી લેવું.

૨. સૂચનાઓ

(૧) **ઊન વીંટવી :** જો ઊનનો દડો હોય તો વીંટવાની જરૂર નથી પણ છૂટી હોય તો ગૂંથવામાં સગવડ પડે તે માટે તેનો દડો વીંટવો જોઇએ. આ દડો વીંટતી વખતે ખાસ ધ્યાન રાખવું કે ઊન જરા પણ તણાવી ન જોઇએ અને દડો એકદમ પોલો વાંટાવો જોઇએ.

(૨) **ઊન જોડવી :** ગૂંથતાં ગૂંથતા જ્યારે ઊનનો એક દોરો ખલાસ થઇ જાય અને બીજો જોડવો હોય ત્યારે ગાંઠ વાળવી નહિ પણ છેડાને ત્રણ ચાર ઇંચની લંબાઇ સુધી ઉખેરીને તેમાંથી થોડા તાંતણા કાઢી નાખવા. પછી બંન્ને છેડા સામસામા ભેગા કરીને બંન્ને હાથની હથેળી વચ્ચે મસળવા. બીજી રીતે તાંતણા કાઢ્યા વગર બંન્ને છેડાને પાણીમાં પલાળીને સામસામા ભેગા કરી બંન્ને હથેળી વચ્ચે રાખી મસળવા.

(૩) **રંગ :** ગૂંથવા માટે જે જે રંગોનાં નામ આપવામાં આવ્યાં છે તે દેખાવમાં સારા અને ઉઠાવદાર લાગે તે પ્રમાણે આપેલાં છે. પણ તેનો અર્થ એમ નથી કે તેજ રંગની ઊન વાપરવી જોઇએ. ગમે તે એક મન પસંદ રંગની ઊન વાપરી શકાય છે પણ એટલું ધ્યાન રાખવું કે એક ગૂંથણમાં જે બે રંગો વપરાય તેનો એક બીજા સાથે સારો ઉઠાવ હોવો જોઇએ.

(૪) **ખુટાનું તાણ :** ગૂંથતી વખતે પહેલા બે ખુટા હંમેશાં કઠણ ગૂંથવા અને બાકીનું બધું ગૂંથણ એક સરખું ઢીલું

થવું જોઇએ. કોઇ વખત દોરો વધારે તાણવો અને કોઇ વખત ઓછો એમ થવું ન જોઇએ, તેમ જ દરેક કામમાં બતાવેલ હિસાબ પ્રમાણે જ ઊન તાણવી જોઇએ નહિતર ગૂંથણના માપમાં ફરક પડશે.

જ્યાં જ્યાં ખુટાના તાણનો હિસાબ આપ્યો છે તે હિસાબ સ્વેટર અથવા મોજાની ભાતનો સમજવો પણ તેના પટાનો સમજવો નહિ. પહેલાં થોડી ભાત જુદી ભરી જવી અને તે ભાતના જેટલા ખુટા બતાવ્યા હોય તે પ્રમાણે ભરવું. જો ફેરફાર હોય તો ઊન વધારે ઢીલી મુકીને અથવા તાણીને તે હિસાબે ખુટા ભરવાથી જ આપેલા માપ પ્રમાણે ગૂંથણ થશે.

(૫) **ઊનની જાડાઇ** : ઊન જુદી જુદી જાડાઇની અને ઘણી કંપનીની બનાવટની મળે છે ને દરેકનાં નામ અને જાત આપવી અશકય હોવાથી ઊનની જાડાઇ સુયાની જાડાઇના નંબર પ્રમાણે આપેલી છે. માટે આકૃતિ ૧લી અને ૨જીમાં બતાવેલા સુયાની જાડાઇ જેટલી જાડી ઊન વાપરવી. આથી કોઇપણ સ્થળે મળતી ગમે તે બનાવટની ઊન વાપરવાથી કામ બરાબર થઇ શકશે.

(૬) **માપ** : દરેક માપ ઇંચને હિસાબે આપ્યાં છે. આ પુસ્તકના પાછળના પુંઠા પર ૭ ઇંચની ફુટપટી આપેલી છે. તે પરથી ખુટાના તાણ અને બીજાં નાનાં માપ લઇ શકાશે. મોટા માપ માટે દરજીની ફુટપટી વાપરવી સુગમ થઇ પડશે.

(૭) **ભૂલ** : ગૂંથવામાં કયાંય ભુલ ન રહી જાય તે ખાસ ધ્યાનમાં રાખવું. કારણ કે જો કોઇ ખુટો ગૂંથવો ભુલાઇ જશે તો તે જગ્યાએ કાણું રહેશે અને ભરત ગુંથવામાં કોઇ ખુટો સાદાને બદલે ઉંધો ગૂંથાઇ જશે તો ભાતમાં ખામી દેખાશે.

(૮) **ખુટા નાખવા** : ગૂંથવા માટે જ્યારે ખુટા નાખવામાં આવે

ખુટા નાખો અને પંદર નંબરનો બીજો સુયો લઇ એક લાઇન સાદા ખુટાની ગુંથો. એટલે પૂરા પંદર નંબરના સુયા વડે ગૂંથવાનો છે પણ ખુટા નાખવા માટે જાડો સુયો વાપરવાનો છે. આથી નીચેની ધાર લાંબી થઇ શકે છે અને પહેરવામાં સંકળાતું નથી.

(૯) **સુયા :** સારા ઘાટની અણીવાળા અને લીસા તેમ જ કાટ વગરના હોવા જોઇએ.

(૧૦) **નિશાનો :** ગૂંથવામાં અમુક ખુટા ગુંથ્યા પછી જ્યારે એક ભાતની પહોળાઇ પૂરી થાય ત્યારે ફરીને પછીની તેવી જ ભાત ગૂંથવાની હોય છે. આ માટે એકને એક વાત ફરીથી લખવાથી નકામું લંબાણ થાય અને વાંચવામાં કંટાળો આવે. માટે તેજ ભાત તે લાઇનના બાકીના ભાગમાં છેડા સુધી ગૂંથી જવાની હોય ત્યાં આવું* નિશાન બતાવ્યું છે. એટલે એક ભાતના ખુટા પૂરા થાય એટલે* આવા નિશાનથી ફરીવાર ગૂંથવાનું ચાલુ કરવું. વળી બીજી વાર તે ભાત ગૂથાણી એટલે ફરીથી તેજ પ્રમાણે ત્રીજી વાર ગૂંથવું. આ રીતે છેડા સુધી આખી લાઇન કરી જવી. આજ પ્રમાણે બીજી જાતનાં નિશાનોનું સમજવું.

(૧૧) **ધોવું :** ગૂંથેલાં કપડાં ધોવા માટે એક વાસણમાં નવસેકું પાણી લઇ તેમાં સાબુનાં ફીણ વાળવાં. પાણી વધારે ગરમ ન હોવું જોઇએ તેમજ સાબુ પણ વધારે પ્રમાણમાં વાપરવો નહિ. કારણકે તેમ થવાથી ઊનનો રંગ ઝાંખો થઇ જાય છે અને કપડું ચઢી જાય છે, અને ઊન સફેદ હોય તો પીળી પડી જાય છે. સોડા પણ બીલકુલ વાપરવા નહિ.

તે સાબુનાં ફીણવાળાં નવસેકાં પાણીમાં કપડું નાખી આમતેમ હલાવવું પછી બીજા વાંસણમાં તેવું જ નવસેકું ચોખું પાણી લઇ તેમાં તે કપડું નાખવું અને હલાવવું. કપડું હલાવવા માટે ધોકા વડે ગોદા મારવા નહિ પણ હાથેથી હલાવવું અને પાણી પણ સેવાય તેવું જ ગરમ હોવું જોઇએ.

પછી તે કપડાંને પાણીમાંથી બહાર કાઢી, બીજા એક ચોખ્ખાં પાતળાં કપડાંમાં ગોટો વાળી મૂકવું અને ચોખ્ખું કપડું તેને ફરતું વીંટાળી બન્ને બાજુથી વળ દેવો એટલે ગૂંથેલાં કપડાંનું પાણી નીચોવાઈ જશે. નીચોવવા માટે ગૂંથેલાં કપડાંને કોઈ દિવસ વળ દેવો નહિ. કારણ કે તેમ કરવાથી કપડું તણાઈ અને લાંબું થઈ જાય છે. બીજું જરૂર હોય તે કરતાં વધારે વખત સુધી કપડું પાણીમાં રાખી મૂકવું નહિ, કારણકે તેમ કરવાથી કપડું ચડી જાય છે.

સુકવવા માટે એક ખાટલા પર ચોખ્ખું પાતળું કપડું પાથરી તેના પર ગૂંથેલાં કપડાંને સુકવવું. આથી ખાટલાની નીચેથી પણ તેને હવા મળી શકે અને જલદી સુકાય. કોઈ દિવસ ગૂંથેલાં કપડાંને દોરી પર સુકવવું નહિ. કારણકે કપડું ભીનું હોવાથી પાણીના વજનથી લાંબું થઈ જાય છે.

(૧૨) **પાસી કરવી** : કપડું સુકાઈ ગયા પછી ઇસ્ત્રી કરવાના મેજ પર સરખું પાથરી તેના પર પાતળું સુતરાઉ ભીનું કપડું મૂકવું અને ઉપર ઇસ્ત્રી ફેરવવી. ગરમ કપડાંને ઇસ્ત્રી કરતાં પહેલાં બીજાં કપડાંની માફક પાણી છાંટવું નહિ. વધારે પાણીની જરૂર પડે તો સુતરાઉ કપડું ફરીવાર પલાળવું.


પાસો કરવાને બદલે બે ગાદલાંની વચમાં થોડા કલાક દબાવી રાખવાથી પણ ચાલી શકે છે. ઉપરની ધોવા અને પાસી કરવાની રીત પ્રમાણે વણેલાં ગરમ કપડાં પણ ધોવામાં આવે છે.

૩. ગૂંથણની રીત

આ જાતનું ગૂંથણ કામ બિલકુલ અઘરૂં નથી. સુતરાઉ દોરાનું હુક વડેનું ગૂંથણ જેટલું સહેલું છે તેટલુંજ આ ગૂંથણ સહેલું છે. કોઇ પણ કામ પુસ્તકમાંથી શીખવું જરા અઘરૂં જણાય છે પણ જાણ્યા પછી તે બહુજ સહેલું લાગે છે. માટે પહેલાં કાંઇ પણ **મુસ્કેલી** જણાય તો નિરાશા નહિ થતાં, ચિત્ત શાંત રાખી, ફરીવાર ને ફરીવાર, નીચે આપેલી રીત મુજબ એક પછી એક પાઠ શીખતું જવું.

ખુટા નાખવા


ગૂંથણ કામ શરૂ કરવા માટે પહેલાં સુયાપર ખુટા નાખવા જોઇએ. આને માટે ત્રણ જુદી જુદી રીત છે. પહેલી અને બીજી રીતથી એક સુયાપર ખુટા નાખવામાં આવે છે, અને ત્રીજી રીતથી બે સુયા વડે ખુટા નાખવામાં આવે છે.



આકૃતિ ૪ થી

પહેલી રીત. પહેલો ખુટો નાખવા માટે **આકૃતિ ૪ થી** માં બતાવ્યા મુજબ ઊનની સરકણી ગાંઠ વાળી સુયા પર ચડાવી દોરો તાણવો. બીજો ખુટો નાખવા ઊનના દોરાવાળા છેડાને બે આંગળી પર આંટી નાખી વળ દઇ સુયા પર ચડાવી દોરો તાણવો.


જુઓ **આકૃતિ ૫મી**. બાકીના જેટલા ખુટા નાખવા હોય તે બધા આ બીજા ખુટાની રીતથી નાખવા.



આકૃતિ ૫ મી


જેમાં ગૂંથણુની ધાર તાણવાથી લાંબી ન થાય તેવી જાતની નાખવી હોય તેમાં આ રીતથી ખુટા નાખવામાં આવે છે. દાખલા તરીકે ટોપી ગૂંથવી હોય તો તેની કોરના ખુટા આ રીતથી નાખવા.

બીજી રીત. આ રીતથી ખુટા નાખવા માટે ઊનનો છેડો લાંબો રાખવો પડે છે. દાખલા તરીકે સ્વેટરને માટે ખુટા નાખવા હોય તો છેડો એકાદ વાર જેટલો લાંબો રાખીને ખુટા નાખવા અને જો નાની ચીજ ગૂંથવા માટે ખુટા નાખવા હોય તો તે હિસાબે છેડો જરા ટુંકો રાખવો.




આકૃતિ ૬ ઠી

ઊન લઈ દોરાનો છેડો એકાદ વાર જેટલો લાંબો રાખી ડાબા હાથના અંગુઠા પર એક આંટો લઈ **આકૃતિ ૬ ઠીમાં** બતાવ્યા મુજબ રીતે સુયો ભરાવો. પછી જમણા હાથમાંના દોરા વડે સુયાના છેડા પર ઉપરથી આંટી નાખી,



આકૃતિ ૭ મી


સુયાને આંટી સહિત પાછો બહાર ખેંચો. જુઓ **આકૃતિ ૭મી.** પછી અંગુઠો ખેંચી લઇ ડાબા હાથમાંના દોરાને તાણો. આ પહેલો ખુટો થયો. બીજો ખુટો નાખવા માટે ફરીથી ડાબા હાથના અંગુઠા પર ઉપર પ્રમાણે જ આંટી નાખી ઉપરની રીત પ્રમાણે જ ખુટો નાખો. આવા રીતે જેટલાં ખુટા નાખવાના હોય તેટલા નાખો. ખુટા નાખતી વખતે જમણા હાથમાંનો દોરો ઢીલો મૂકવો નહિ.



આકૃતિ ૮ મી

જે ગૂંથણની ધાર સખત ન જોતી હોય એટલે કે તાણવાથી લાંબી થાય તેવી જરૂરી હોય ત્યાં આ રીતથી ખુટા નાખવા. દાખલા તરીકે સ્વેટર અથવા મોજાનું ગૂંથણ કરવુ હોય તો આ રીતથી ખુટા નાખવા જોઇએ.

ત્રીજી રીત. આ રીતથી નાખેલા ખુટાનો ઉપયોગ બીજી રીત પ્રમાણે જ કરવામાં આવે છે. પણ ખુટા નાખવા માટે બે સુયાનો ઉપયોગ કરવામાં આવે છે. પહેલો ખુટો પહેલી રીતની **આકૃતિ ૪થી માં** બતાવ્યા મુજબ એક સુયા પર જ નાખવામાં આવે છે. પછી તે સરકણી ગાંઠમાં બીજો સુયો ભરાવો અને **આકૃતિ ૮ મીમાં** બતાવ્યા મુજબ દોરા તરફના ઊનના છેડા વડે ભરાવેલા સુયાની નીચેથી આંટી નાખો અને તે સુયાને આંટી સહિત પાછો બહાર કાઢો. એટલે તે બીજા સુયા પર બીજો ખુટો પડયો. હવે તે ખુટાને અરધો વળ દઇ **આકૃતિ ૯ મીમાં** બતાવ્યા




આકૃતિ ૯મી

મુજબ પહેલા સુયાપર ચડાવો. આવી રીતે જેટલા ખુટા નાખવાના હોય તેટલા નાખો.

ખુટા નખાઇ ગયા પછી ગૂંથણની પહેલી લાઇનશરૂ થાય છે. અને દોરો તોડયા વગર ગૂંથણ ચાલુ રાખવામાં આવે છે. તે ગૂંથણ માટે બે જાતના ખુટા છે—સાદા ખુટા અને ઉંધા ખુટા.

સાદા ખુટા

ખુટા નાખેલો સુયો ડાબા હાથમાં પકડો અને જમણા હાથના સુયો ડાબા સુયાની અણી પાસેના છેલ્લા ખુટામાં ડાબી બાજુ પરોવો.




આકૃતિ ૧૦ મા

આ ગૂંથણમાં ઊનનો દોરો હંમેશાં નીચેની બાજુ હોય છે. **આકૃતિ ૧૦ મીમાં** બતાવ્યા મુજબ જમણા સુયાની અણી પરથી દોરાની આંટી નાખો. અને તે સુયાને આંટી સહિત બહાર કાઢો એટલે બીજી લાઇનનો પહેલો ખુટો ગુંથાયો અને નાખેલો છેલ્લો ખુટો આ ખુટાની સાથે સંધાઇ ગયો તેને ડાબા હાથના સુયા પરથી ઉતારી નાખો પછી બીજો ખુટો તે પ્રમાણે જ ગુંથો. આવી રીતે છેડા સુધી ગૂંથી જાઓ એટલે આખી લાઇન સાદા ખુટાની થઇ. આ લાઇન પૂરી થતાં બધા ખુટા જમણા હાથના સુયા પર આવી જશે.

પછી આખા ગૂંથણને ફેરવો એટલે જમણા હાથમાંનો સુયો ડાબા હાથમાં અને ડાબા હાથમાંનો સુયો જમણા હાથમાં આવશે. પછીની લાઇન જેવા ખુટાની ગૂંથવી હોય તેવા ખુટાની ગૂથી શકાય. ઉંધા ખુટાની લાઇન નીચેની રીતથી ગૂંથવામાં આવે છે.

ઉંધા ખુટા

જેમ સાદા ખુટા ગૂંથવામાં ઊનનો દોરો હંમેશાં નીચેની બાજુ હોય છે તેમ ઉંધા ખુટા ગૂંથવામાં દોરો ઉપરની બાજુ રાખવામાં આવે છે. ઊનનો દોરો આગળ રાખી, ડાબા હાથના સુયાની અણી પાસેના છેલ્લા ખુટામાં જમણી બાજુથી જમણા હાથનો સુયો પરોવો. પછી જમણા હાથના સુયાની અણી પરથી ઊનની આંટી નાખી તે સુયાને આંટી સહિત બહાર



આકૃતિ ૧૧ મી

કાઢો. જુઓ **આકૃતિ ૧૧મી.** હવે તે લાઈનનો પહેલો ખુટો ગુંથાયો અને પહેલાંની લાઇનનો છેલ્લો ખુટો આ ખુટાની સાથે બંધાઇ ગયો તેને ડાબા હાથના સુયા પરથી ઉતારી નાખો. બાકીના બધા ખુટા તેજ પ્રમાણે ગૂંથી જાઓ એટલે આખી લાઇન ઉંધા ખુટાની થઇ.

ભાત

ઉપર બતાવેલા સાદા અને ઉંધા ખુટાની જુદી જુદી રીતના ગૂંથણથી જુદી જુદી જાતની ભાત બનાવી શકાય છે. ઉપર બતાવેલી રીત પ્રમાણે એક લાઈન સાદા ખુટાની ગૂંથીએ અને બીજી લાઇન ઉંધા ખુટાની ગૂંથીએ તો બીજી લાઇન ગૂંથતી વખતે ગૂંથણને ફેરવવું પડે છે. આમ કરવાથી બધા ખુટા એક બાજુ સાદા દેખાશે જ્યારે બીજી બાજુ ઉંધા દેખાશે. આ જાતના ગૂંથણને **સાદું ગૂંથણ** કહે છે. સાદા ગૂંથણની પાછળની બાજુ જોઇએ તો **ઉંધું ગૂંથણ** દેખાય. કારણ કે તે બાજુ જોતાં બધા ખુટા ઉંધા દેખાય છે.

જો બધી લાઇનો સાદા ખુટાનીજ કરીએ તો તે ગૂંથણને **સાફ ગૂંથણ** કહેવામાં આવે છે. આ જાતનાં ગૂંથણને **ગાર્ટર ગૂંથણ** પણ કહેવામાં

આવે છે. તેવીજ રીતે જો બધા લાઇનો ઉંધા ખુટાની ગૂંથીએ તો પણ એજ જાતનું ગૂંથણ થાય છે. આ ઉપરાંત જે જુદી જુદી ભાતો આ પુસ્તકમાં આપવામાં આવી છે તે બધી સાદા અને ઉંધા ખુટાની ગોઠવણીનું પરિણામ છે.

ખુટા લપસાવવા

ગૂંથણમાં ફેન્સી ભાત કરવા માટે અથવા ઘાટ ઉતારવા માટે ખુટાને ગૂંથ્યા વગર લપસાવી દેવામાં આવે છે. આની બે રીત છે.

સાદી રીત. ગૂંથવાનો ખુટો સાદો હોય અને તેમાં ખુટો લપસાવવો પડે ત્યારે ડાબા સુયા પરના તે ખુટાને આગળની બાજુથી જમણા સુયાની અણી ડાબી બાજુએથી નાખવી અને ગૂંથ્યા વગર તે ખુટાને જમણા સુયા પર ચડાવી લેવો. (જેમ સાદો ખુટો ગૂંથતાં હોઈએ તેજ રીતે ગૂંથ્યા વગર ખુટાને લપસાવીને બીજા સુયા પર ચડાવી લેવો)

ઉંધી રીત. ઉપર સમજાવ્યું તે મુજબ ઉંધા ખુટો ગૂંથતાં હોઇએ તેવી રીતે જમણા સુયા પર ગૂંથ્યા વગર ખુટાને લપસાવવો. આ રીતમાં જમણા હાથના સુયાની અણી ખુટાની જમણી બાજુથી પરોવવી.

ખુટા બાંધવા

જ્યારે ગૂંથણ કામ પૂરું થાય ત્યારે જો સુયો કાઢી લઇએ તો દોરાનો છેડો ખેંચવાથી આખું કામ વીખાઇ જાય માટે સુયો કાઢતાં પહેલાં ખુટા નીચેની રીતથી બાંધવા જોઇએ.

પહેલા બે ખુટા ભાત પ્રમાણે ગુંથો. * ડાબી બાજુના સુયાની અણી પહેલા ગૂંથેલા ખુટામાં પરોવી, બીજા ખુટા પર ચડાવી તે પહેલા ખુટાને જમણા સુયા પરથી ઉતારો. બીજો ખુટો જમણા સુયા પરજ રહેવા દેવો અને ચડાવેલો ખુટો છુટો મુકી દેવો. પછી ડાબા સુયા પરનો એક ખુટો ગૂથો. એટલે જમણા સુયા પર ફરીથી બે ખુટા થયા. વળી *આવા નિશાનથી શરૂ કરી આજ પ્રમાણે કરતાં જાઓ એટલે

છેલ્લે એક ખુટો સુયા પર રહેશે. પછી ઊન તોડી નાખી તે છેલ્લા ખુટાની અંદરથી પરોવીને ગાંઠ વાળો.


સ્વેટરનું ગળું અથવા બીજી કોઇ એવી જગ્યાએ જ્યાં કોર બાંધવાની હોય ત્યાં આ રીત વપરાય છે. તેમજ ખભા અથવા એવી કોઇ બીજી જગ્યાએ સાંધા કરવાના હોય ત્યાં પણ આ રીતે કોર બાંધીને પછી સોય વડે નીચેની રીત પ્રમાણે સાંધા જોડવામાં આવે છે.

સાંધા જોડવા

સોયવડે. સ્વેટરનો આગળનો અને પાછળનો ભાગ, બાંય, પટી, વગેરે જોડવા અથવા ચોડવા માટે જે ઊન ગૂંથણમાં વાપરી હોય તે જ ઊન સોયમાં પરોવી વાપરવી.

જોડવાના બન્ને ભાગ મેજ ઉપર સામસામા અને ઊલટા રાખવા અને થોડે થોડે અતરે નાની સેફ્ટી પીનો મારવી. પછી સોય અને દોરો લઇ સામસામા ખુટાની ટીપ ભરી જવી. જો તે કામ કાળજીપુર્વક કરવામાં આવશે તો સાંધો બિલકુલ દેખાશે નહિ.

ત્રણ સુયા વડે. સ્વેટરના ખભા, મોજાંના ફણા વગેરેના સાંધા જોડવા માટે પહેલાં ગૂંથતી વખતે ખુટા બાંધવા અને પછી સોય વડે સાંધા જોડવા એમ કરવાને બદલે આ રીતથી ખુટા બાંધવાનું અને સાંધા જોડવાનું એ બન્ને કામ એકી સાથે થાય છે.



આકૃતિ ૧૨ મી


જે બે ભાગ સાથે જોડવાના હોય તેમાં બન્ને બાજુ ખુટા એક સરખા હોય છે. થોડા ઝાઝા હોતા નથી. ગૂંથણ અવળું કરીને બન્ને સુયા પરથી એક એક ખુટો લઇ બન્ને ખુટાને એકી સાથે ગૂંથો. જુઓ **આકૃતિ ૧૨ મી.**

ફરીવાર બન્ને સુયા પરથી એક એક ખુટો લઈ બન્ને ખુટાને એકી સાથે ગૂંથો. * પહેલા ખુટાને બીજા ખુટા પર ચડાવો. પછી ફરીવાર બન્ને સુયા પરથી એક એક ખુટો લઈ બન્ને ખુટાને એકી સાથે ગૂંથો. ફરીથી * આવા નિશાનથી શરૂ કરી છેડા સુધી આ પ્રમાણે કરી જાઓ.

આ રીત ખૂટા બાંધવાની રીતને મળતીજ છે. તફાવત એટલોજ કે આમાં બન્ને સુયા પરથી એક એક ખુટો લઇ તે બન્ને ખુટાને સાથે ગૂંથવા. જ્યારે ખુટા બાંધવાની રીતમાં એકજ ખુટો લઇ ગૂંથવાનો હોય છે. બન્ને સુયા પરથી એક એક ખુટો લઇ ગૂંથવાથી બન્ને ભાગનું જોડાણુ થઇ જાય છે અને ગૂંથણુ અવળું હોવાથી અંદરની બાજુ સાંધાની ધાર જોવામાં આવે છે.

બે સુયા અને સોય વડે. ત્રણ સુયા વડે સાંધો જોડવાથી સાંધો દેખાય છે જ્યારે આ રીતથી સાંધો માલમ પડતો નથી. આ રીતમાં ત્રીજા સુયાને બદલે સોય વાપરવામાં આવે છે. ઉપરની રીત પ્રમાણેજ બે સુયા બાજુ બાજુમાં રાખી સોય વડે સાંધો કરવામાં આવે છે.

ગૂંથણુ પૂરૂં થાય એટલે દોરાનો છેડો સાંધા માટે જોઇએ તેટલો લાંબો રાખી તોડી નાખો અને સોયમાં પરોવો. પછી ગૂંથણુ સવળું રાખી બંન્ને સુયા ડાબા હાથમાં પકડો. * આગલા સુયાના પહેલા ખુટામાં ડાબી બાજુથી



આકૃતિ ૧૩ મી

સોય પરોવીને તે ખુટો સુયા પરથી ઉતારી નાખો. પછી આગલા સુયાના બીજા ખુટામાં સોય જમણી બાજુથી પરોવો પણ ખુટાને સુયા પરથી ઉતારો નહિ અને ઊનને સુયાની નીચેથી પાછળ લઇ જઇ પાછલા

સુયાના પહેલા ખુટામાં જમણી બાજુથી પરોવો અને તે ખુટાને સુયા પરથી ઉતારી નાખો. પછી પાછલા સુયાના બીજા ખુટામાં ડાબી બાજુથી સોયને પરોવો પણ તે ખુટાને સુયા પરથી ઉતારો નહિ અને ઊનને આગલા સુયાની નીચેથી આગળ લાવો ફરીથી *આવા નિશાનથી શરૂ કરી છેડા સુધી કરી જાઓ. છેલ્લે એક ખુટો બાકી રહે તેની સાથે ઊનના છેડાની મજબૂત ગાંઠ વાળો અને ઊન તોડી નાખો.

આ પ્રમાણે સાંધો કરવાથી માલમ પડશે કે જે વર્ણન આપેલું છે તે લાંબું અને અઘરૂં જણાય છે પણ કામ ઘણું સહેલું છે. સાદા ગૂંથણુની માફકજ સોયનો દોરો ચાલે છે અને ભળતુંજ ગૂંથણુ થાય છે. જયાં જયાં ગૂંથણુમાં સાદા ઉંધા ખુટાની ભાત હોય ત્યાં ત્યાં સોયને પરોવવામાં ફેરફાર કરવો જોઇએ. આ બધું અનુભવથી માલમ પડશે. **આકૃતિ ૧૩માં** બતાવ્યા પ્રમાણે દોરો ચાલે છે.

ખુટા ઉચકવા

મોજાંની એડીમાં અને કોઇ ગૂંથણુ તૈયાર થઇ ગયું હોય તેમાં નીચે કિનાર વધારવી હોય વગેરે કામને માટે આ રીતનો ઉપયોગ છે.


ગૂંથણુની ધારના એક ખુટામાં સુયો પરોવી તેના પર ઊનની આંટી નાખો અને સુયાને આંટી સહિત બહાર કાઢો. એટલે ઉચકેલા ખુટામાં ગાળીયો પડયો અને સુયા પર એક ખુટો થયો. આવી રીતે જેટલા ખુટા નાખવા હોય તેટલા નાખી શકાય. પહેલા ખુટામાં ઊનનો દોરો પકડાવવા માટે ગાંઠ વાળવી જોઇએ. સ્વેટરમાં ખિસ્સા નાખવા હોય ત્યારે પણ આજ રીતથી ખુટા ઉચકીને શરૂ કરાય છે. જયાંથી ખિસ્સાની નીચેની ધાર શરૂ કરવી હોય ત્યાંથી આ પ્રમાણે ખુટા ઉચકી ખિસ્સાનું પાછલું પડ ગૂંથવામાં આવે છે.

અમુક જાતની ભાત નાખવા માટે પણ ખુટા ઉચકવાની જરૂર પડે છે. ગૂંથણુની વચમાંથી આંટી નાખી જમણા સુયા વડે ઊન

ઉપાડી અરધો વળ દઈ ડાબા સુયા પર ચડાવો અને તેને જમણા સુયા વડે ગૂંથો.

રંગીત પટ્ટા

જ્યારે ગૂંથણમાં જુદા જુદા રંગના ઉભા પટ્ટા નાખવા હોય ત્યારે જેટલા પટ્ટા હોય તેટલા ઊનના દડા જોઇએ. જે રંગનો પહેલો પટ્ટો નાખવો હોય તે રંગની ઊનનો દડો લઇ તે પટ્ટો જેટલો પહોળો કરવો હોય તેટલા ખુટા નાખવા. પછી તે ઊનને તેમજ રહેવા દઈ બીજા રંગની ઊન લઈ તે પટ્ટા માટે જેટલા ખુટા નાખવા હોય તેટલા નાખવા. આ રીતે જેટલા પટ્ટા નાખવા હોય તેટલા નાખી શકાય. ગૂંથણમાં પણ જે ભાત કરવી હોય તે કરી શકાય. પણ પટ્ટાના રંગ જુદા જુદા હોવાથી ભાત વગરનું સાદું ગૂંથણ પણ શુશોભિત લાગે છે. ગૂંથતાં ગૂંથતાં જ્યારે એ પટ્ટા વચ્ચેનો સાંધો આવે ત્યારે **આકૃતિ ૧૪મીમાં** બતાવ્યા પ્રમાણે કરવું. જમણા સુયા પરના સફેદ પટ્ટાના બધા ખુટા ગુથાઈ ગયા છે. હવે ત્યાર પછીના રંગીત પટ્ટા સાથે તેનું જોડાણ કરવું છે. માટે પહેલાં રંગીત પટ્ટાના પહેલા ખુટામાં જમણો સુયો નાખી, જમણા હાથની આંગળી પર રંગીત ઊન પકડી રાખી **આકૃતિ ૧૪મી માં** બતાવ્યા પ્રમાણે સફેદ ઊનની આંટી નાખી દોરો તાણી રાખો. પછી રંગીત ઊન વડે ચાલુ ભાત પ્રમાણે બધા ખુટા ગૂંથી જાઓ.



આકૃતિ ૧૪મી

જો સાંધો વધારે મજબુત કરવો હોય તો રંગીત ઊનનો બીજો ખુટો પણ પહેલા ખુટાની માફક, સફેદ ઊનની આંટી નાખી, ઉપરની રીત પ્રમાણે જ ગૂંથી જાઓ. સ્વેટરના ગળાની અને ખભાની પટી આજ

રીતથી જુદા જુદા રંગની, ગૂંથતી વખતે જ નાખી શકાય છે. અને પછી પાછળથી સાંધા જોડવાની જરૂર રહેતી નથી.

દોરંગી ભાત

ગૂંથણમાં જ્યારે બીજા રંગની ભાત નાખવી હોય ત્યારે જે લાઇનથી દોરંગી ભાત શરૂ કરવી હોય તેના પહેલા ખુટાની અંદર ભાતના રંગીત દોરાની ઊન પરોવી ગાંઠ વાળવી અને પછી બન્ને દોરા વડે ગૂંથવું. દરેક ખુટો ગૂંથતાં પહેલાં બીજા રંગની ઊન, જે રંગનો ખુટો ગૂંથવો હોય તે રંગની ઊન પરથી ઊતારી નીચે મુકો ને પછી ખુટો ગૂંથો.


દાખલા તરીકે એકી સાથે ચાર ખુટા રંગીત ઊનના ગૂંથવા તો દરેક ખુટો ગૂંથતાં પહેલાં સફેદ ઊન રંગીત ઊન ઉપરથી ઉતારી નીચે મુકો. બીજો ખુટો પણ રંગીત ઊનથી ગૂંથવો છે તો સફેદ ઊનને ફરીવાર રંગીત ઊન પરથી ઉતારી અંદરના ભાગમાં નીચે મુકો. એવી રીતે કુલ ચાર ખુટા ગૂંથો, પછી સફેદ ઊનના ખુટા ગૂંથતી વખતે તેજ રીતથી રંગીત ઊનની આંટી નાખવી. આમ કરવાથી બન્ને ઊનને વળ ચડતો નથી. જે ઊન વડે આંટી નખાય તે ઊન હમેશાં ઢીલી મૂકવી, નહિતર ગૂંથણ કડક થશે.

ગૂંથણ કામમાં જ્યાં જ્યાં આ પ્રકારનું કામ આવે છે ત્યાં આ પ્રમાણે વિસ્તારથી વિગત આપી નથી. પણ ટુંકમાં એમજ લખ્યું છે કે અમુક રંગની ઊનના આટલા ખુટા નાખો અને અમુક ઊનના આટલા. આંટી નાખવી વગેરે બતાવ્યું નથી માટે સમજી લેવું કે આંટી તો નાખવાજ જોઇએ.

ચાર સુયાનું ગૂંથણ

જ્યારે સાંધા વગરનું ગોળ ગૂંથણ કરવું હોય ત્યારે ચાર સુયાનો ઉપયોગ કરવામાં આવે છે. જેટલા ખુટા નાખવાના હોય તેના ત્રણ


લગભગ સરખા ભાગ કરવા. એક ભાગના ખુટા પહેલા સુયા પર નાખવા અને તેની બાજુમાં બીજો સુયો પકડી તેના પર બીજા ભાગના ખુટા નાખવા. બે સુયાની વચમાં ઊન લાંબી રહેવી ન જોઈએ. એવી જ રીતે બાકીના ખુટા ત્રીજા સુયા પર નાખવા અને પહેલો અને છેલ્લો ખુટો ભેગા કરી ચોથા સુયા વડે ગૂંથણની બીજી લાઇન શરૂ કરવી. ગૂંથતાં ગૂંથતાં ઊનનો નાનો છેડો ગૂંથણની વચમાં રાખી ખુટા ભરવા જેથી છેડો ગૂંથણની વચમાં દબાઈ જશે અને મજબુતાઈ વધશે. ગૂંથવા માટે સુયા પકડવાની રીત **આકૃતિ ૧૫ મીમાં** જુઓ.



આકૃતિ ૧૫ મી

ગોળ સુયાનું ગૂંથણુ

જેમ બે સુયાના ગૂંથણમાં એક સુયા પર ખુટા નાખવામાં આવે છે તેવી જ રીતે ગોળ સુયાને એક છેડેથી ખુટા નાખતું જવું અને જેટલા ખુટા નાખવા હોય તેટલા નાખવા. ગૂંથણની બીજી લાઇન શરૂ કરતી વખતે ગૂંથણમાં વળ ન પડે તેવી રીતે બધા નાખેલા ખુટા સરખા રાખવા અને સુયાના બંને છેડા ભેગા કરી, નાખેલા પહેલા ખુટાથી ગૂંથણ શરૂ કરવું. જુઓ **આકૃતિ ૧૬ મી.**



આકૃતિ ૧૬ મી.

હુકનું ગૂંથણુ

આ જાતનું સુતરાઉ દોરાનું કામ પ્રચલિત હોવાથી તે વિષે વિસ્તારથી વર્ણન કરવાની જરૂર નથી. કારણ કે હુક વડે ઊનનું ગૂંથણુ

પણ તેજ રીતથી થાય છે. આ પુસ્તકમાં ફક્ત સાંકળી, આંટી વગરનો પાસો અને આંટી વાળો પાસો, તેટલું જ હુક્નું કામ આપવામાં આવ્યું છે.

સમજુતિ

નકામું લંબાણ ન થાય એ હેતુથી હવે પછી લખાણમાં અમુક શબ્દો બાંધેલા વાપર્યા છે તેનો અર્થ નીચે મુજબ સમજવો:—

ખુ૦ લ૦=ખુટો લપસાવો.

ગૂં૦ ફે૦=ગૂંથણ ફેરવો.

૪. નાનો ગલેપટો (મફલર)

માપ—લંબાઇ ૪૨ ઇંચ, પહોળાઇ પાા ઇંચ.

ઊન—સફેદ ઔંસ ૧, કથાઇ ઔંસ ૨.

સુયા- નંબર ૧૪ના જોડી ૧,

ઊનની જાડાઇ—૧૫ નંબરના લોખંડના સુયાની જાડાઇ જેટલી.

ખુટાનું તાણુ—૧ ઇંચના ૯ ખુટા.

ગૂંથણુ

એક છેડાની ધારથી શરૂ કરો. કથાઈ ઊન લઈ નંબર ૧૪ના સુયા વડે બાવન ખુટા નાખો.

૧લી લાઇન - સાદા ખુટા ગૂંથી જાઓ.

૨જી લાઈન—પહેલો ૧ ખુ૦ લ૦ પછી ૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૩જી લાઇન- ૨જી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ. હવે ઉપરની બીજી લાઇન પ્રમાણે ૨ ઇંચ સુધી ગૂંથી જાઓ. પછી કથાઇ ઊન તોડી નાખી સફેદ ઊન જોડો. અને ચાલુ ભાત પ્રમાણે સફેદ ઊનથી ૨ ઈંચનો પટો ગૂંથી જાઓ. ફરી સફેદ ઊન તોડી નાખી કથાઇ ઊન જોડો અને ચાલુ ભાત પ્રમાણે ૨ ઇંચનો પટો ગૂંથી જાઓ.

હવે કથાઇ ઊન તોડી સફેદ ઊન જોડો. ફરી ચાલુ ભાત પ્રમાણે સફેદ ઊનથી ૨ ઇંચ સુધી ગૂંથી જાઓ. પછી સફેદ ઊન તોડી કથાઇ ઊન જોડો. અને કથાઇ ઊનથી ૨૬ ઇંચ સુધી ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

હવે કથાઇ ઊન તોડી સફેદ ઊન જોડો, અને ચાલુ ભાત પ્રમાણે ૨ ઇંચ સુધી ગૂંથી જાઓ. ફરી સફેદ ઊન તોડી કથાઇ ઊન જોડો. અને ૨ ઇંચ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. પછી કથાઇ ઊન તોડી સફેદ ઊન જોડો. ૨ ઇંચ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. ફરી સફેદ ઊન તોડી કથાઇ ઊન જોડો અને ૨ ઇંચ કથાઇ ઊનથી ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. પછી છેલ્લી લાઇન સાદા ખુટા ગૂંથો અને સૂચના પ્રમાણે ખુટા બાંધો. પછી કથાઇ ઊનના દોરાના પાંચ પાંચ ઇંચના ટુકડા બેવડા કરી નીચેની ધાર પર થોડે થોડે અંતરે પરોવી ગાંઠ વાળો અને બંને બાજુના છેડાઓ સરખા રાખી કાતર વતી રૂછડાં એક સરખાં કાપો.

૫. મોટો ગલેપટો (મફલર)

માપ—લંબાઇ ૪૫ ઇંચ, પહોળાઇ ૯॥ ઇંચ.

ઊન—સફેદ ઔંસ ૧, ખુલતો પીળો ઔંસ ૪.

સુયા—નંબર ૮ ના જોડી ૧.

ઊનની જાડાઇ—લોંખડના ૧૬ નંબરના સુયાની જાડાઇની ઊન વાપરવી.

ખુટાનું તાણ—૧ ઇંચના ૬ ખુટા.

ગૂંથણ

એક છેડાની ધારથી શરૂ કરો. રંગીત ઊન લઇ નંબર ૮ ના સુયા વડે ૬૧ ખુટા નાખો. અને ૧ લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ.

૧ લી લાઇન—૧ સાદો, ૧ ઊંધો. ૧ સાદો, ૧ ઊંધો એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૨ જી લાઇન–૧લી લાઇન પ્રમાણે ગુંથી જાઓ.

૩ જી લાઇન–૧ ખુ૦ લ૦, બાકીનું ગૂંથણ ૧ લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૪થી લાઇન–૧ ખુ૦ લ૦, બાકીનું ગૂંથણ ૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. હવે ૧લી લાઇન પ્રમાણે ૩ ઇંચ સુધી ગૂંથી જાઓ.

પછી રંગીત ઊન તોડી નાખી સફેદ ઊન જોડો. અને ચાલુ ભાત ૩ ઇંચ સુધી ગૂંથી જાઓ. પછી સફેદ ઊન તોડી નાખી ફરી રંગીત ઊન જોડો અને ચાલુ ભાત પ્રમાણે ૩૩ ઇંચ સુધી ગૂંથી જાઓ.

હવે રંગીન ઉન તોડી નાખી સફેદ ઊન જોડો. અને ચાલુ ભાત પ્રમાણે ૩ ઇંચ સુધી ગૂંથી જાઓ. ફરી સફેદ ઊન તોડી નાખી રંગીત ઊન જોડો અને ચાલુ ભાત પ્રમાણે ૩ ઇંચિ સુધી ગૂંથી જાઓ. પછી સૂચના પ્રમાણે ખુટા બાંધો. હવે રંગીત ઊનના ૧૦, ૧૦, ઇંચના ટુકડા બેવડા કરી નીચેની ધાર પર થોડે થોડે અંતરે પરોવી ગાંઠ વાળો એટલે કુલ ૪ દોરા થયા. હવે તેમાંનાં બે દોરા મૂકી બાજુના બે દોરા લીયો એટલે કુલ ૪ દોરા થયા. પછી તે ૪ દોરાને અરધો ઇંચ ઉપર જગ્યા મુકી ગાંઠ વાળો. એ જ પ્રમાણે છેડા સુધી ગાંઠો વાળી જાઓ. એ જ રીત થી કુલ ૩ વાર ગાંઠો વાળો. અને એજ રીત પ્રમાણે રજી બાજુના છેડાની ધાર પર કરી જાઓ. પછી બન્ને બાજુના છેડાને સરખા રાખી કાતર વતી રૂછડાં એક સરખાં કાપો.

૬. રૂમાલ

માપ—૩૦ ઇંચ ઓરસ ચોરસ.

સુયા—નંબર ૮ના જોડી ૧.

ઊન—ખુલતો ગુલાબી, ૧૦ ઔંસ.

ઊનની જાડાઈ—લોખંડના ૧૬ નંબરના સુયાની જાડાઈની ઊન વાપરવી.

ખુટાનું તાણ—૧ઈંચના ૬ ખુટા.

ગૂંથણ

રૂમાલ એક છેડાની ધારથી શરૂ કરો. નંબર૮નો સુયો લઇ ગુલાબી ઊન વડે ૨૪૧ ખુટા નાખો.

૧લી લાઇન—સાદા ખુટા ગૂંથી જાઓ.

૨જી લાઇન—સાદા ખુટા ગૂંથી જાઓ. આવી રીતે ૨ ઈંચનો પટો સાદા ખુટાનો ગૂંથી પછી નીચે પ્રમાણે દાણાદાર ભાતનું ગૂંથણ કરો.

૧લી લાઇન—પહેલો ૧ ખુ. લ. ૧૫ સાદા, પછી, ૧ ઊંધો, ૧ સાદો ૧ ઉંધો, ૧ સાદો એવી રીતે આખી લાઈન ગુંથી જાઓ. છેલ્લા ૧૬ સાદા.


૨જી લાઇન—૧લી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ.

૩જી લાઇન—૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ઉપરની ભાત પ્રમાણે ૨૬ ઈંચ સુધી ગૂંથી જાઓ. અને ૨૬ ઇંચ ગૂંથી રહ્યા પછી ૨ ઇંચ સાદા ખુટાનું ગૂંથણ કરી સૂચના પ્રમાણે ખુટા બાંધો.

હવે તેજ રંગની ઊન લઇ પાંચ પાંચ ઇંચના ટુકડા કરી બબે દોરા સાથે લઇ થોડે થોડે અંતરે પરોવી ગાંઠો વાળો પછી ચારે બાગના છેડાઓ સરખા રાખી કાતર વતી રૂછડાં એક સરખાં કાપો.

૭. સ્ત્રીની બંડી.



આકૃતિ ૧૭મી

માપ—ખભા ઉપરથી પટાની નીચે સુધી કુલ લંબાઇ ૧૭ ઇંચ, પહોળાઇ છાતી એ ૩૪ ઇંચ ગોળ.

સુયા—નંબર ૧૦ના જોડી ૧, નંબર ૧૨ ના જોડી ૧.

ઊન—ઔંસ ૩. ખુલતા બ્લુ રંગની

ઊનની જાડાઇ—૧૬ નંબરના લોખંડના સુયાની જાડાઇ જેટલી

ખુટાનું તાણ—૧ ઇંચના ૮ ખુટા.

આગળનો ભાગ

ગૂંથણુ નીચેની ધારથી શરૂ કરો. બ્લુ ઊન લઇ નંબર ૧૨ના સુયા વડે ૧૨૮ ખુટા નાખો. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧ લી લાઇન—સાદા ખુટાની ગૂથા જાઓ.

૨ જી લાઇન— ૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો એવી રીતે આખી લાઇન ગુંથી જાઓ.

૩ જી લાઇન—૨ જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૨ જી લાઇન પ્રમાણે ૨ ઇંચનો નીચેનો પટો ગૂંથી જાઓ. પછી નંબર ૧૨ નો સુયો ખાલી થયો તેને એક બાજુ મુકી નંબર ૧૦ ના સુયા વડે નીચે પ્રમાણે ગૂથો.

૧ લી લાઇન— સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨ જી લાઇન— ઉંધા ખુટાની ગૂંથી જાઓ,

૩ જી લાઇન— ૧ લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૪ થી લાઇન— ૨ જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ,

આ પ્રમાણે વારા ફરતી ૧ લી અને ૨ જી લાઇન ગૂંથતા ગૂંથતા ગૂંથણુ ૭ ઇંચ થાય ત્યાં સુધી ગૂંથી જાઓ પછી નંબર ૧૦ નો સુયો ખાલી થયો તેને એક બાજુ મુકો અને નંબર ૧૨ ના સુયા વડે નીચે પ્રમાણે ગૂથો.

૧લી લાઇન— પહેલાં ૨ સાદા, પછી એક ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ. છેલ્લા બે સાદા.

૨ જી લાઇન—પહેલાં ૨ ઉંધા, પછી ૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૩ જી લાઇન— ૧ લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૪ થી લાઇન— ૨ જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૧ લી લાઇન અને ૨ જી લાઇન વારા ફરતી ગૂંથતા ગૂંથતા કુલ ગૂંથણુ ૨ ઇંચ થયા પછી ખુટા બાંધો.

પીઠ

આગળના ભાગની માફક અને એજ રીતથી એજ માપનો પાછળનો ભાગ ગૂંથી જાઓ.

પટ્ટા

ગુંથણુ એક છેડાની ધારથી શરૂ કરો. બ્લુ ઊન લઈ નંબર ૧૨ના સુયા વડે ૧૨ ખુટા નાખો.

પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨જી લાઇન—૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૩જી લાઇન—૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.


૪થી લાઇન—૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ઉપરની ૨જી લાઇન પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં કુલ ૬ ઇંચ સુધી ગૂંથી ખુટા બાંધો. પછી એ જ રીત અને એ જ માપનો બીજો પટ્ટો ગૂંથી જાઓ.

સાંધા જોડવા

એક હાથ લાંબો બ્લુ રંગની ઊનનો દોરો સોયમાં પરોવો અને સૂચના પ્રમાણે સાંધા જોડો. પછી ખભાના પટ્ટાના સાંધા નીચે પ્રમાણે જોડો. પડખાના સાંધાથી ૩૦ ખુટા મુકી ગૂંથણ અવળું રાખી પટ્ટાનો એક છેડો આગલા ભાગમાં અને બીજો છેડો પાછળના ભાગમાં ૩૦ ખુટા મુકી સાંધો. પછી બીજા ખભાનો પટ્ટો તેજ પ્રમાણે સાંધો.

૮. સ્રીનું સ્વેટર



આકૃતિ ૧૮મી

માપ—ખભા ઉપરથી પટાની નીચે સુધી કુલ લંબાઇ ૨૦ ઇંચ. છાતીએ પહોળાઈ ૩૪ ઇંચ ગોળ.

સુયા–નંબર ૮ના જોડી ૧. નંબર ૬ના જોડી ૧.

ઊન–સફેદ ઔંસ ૨, બદામી ઔંસ ૮, બટન નંગ ૪.

ખુટાનું તાણ–૨ ઇંચના ૯ ખુટા.

ઊનની જાડાઇ–લોખંડના ૧૦ નંબરના સુયાની જાડાઇની ઊન વાપરવી.

આગળનો ભાગ

સ્વેટર નીચેની ધારથી શરૂ કરો, સફેદ ઊન લઈ નંબર ૬ ના સુયા વડે ૭૨ ખુટા નાખો. હવે નંબર ૮નો એક સુયો લઇ એક લાઇનિ સાદા ખુટાની ગૂંથી જાઓ. અને નંબર ૬ નો સુયો ખાલી થયો તેને એક બાજુ મુકો પછી બીજા નંબર ૮ના સુયા વડે નીચે પ્રમાણે ગૂંથો.

૧ લી લાઇન—૨ સાદા, ૨ ઉંધા, ૨ સાદા, ૨ ઉંધા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ,

૨જી લાઇન—૧લી લાઇન પ્રમાણે.

૩જી લાઇન—૧લી લાઇન પ્રમાણે. આ પ્રમાણે ૨॥ ઇંચ સુધી ગૂંથી જાઓ એટલે પટાનું ગૂંથણ પૂરૂં થયું. પછી નીચે પ્રમાણે ભાત શરૂ કરો.

૧લી લાઇન— સફેદ ઊન તોડી નાખી રંગીત ઊન જોડો અને નંબર ૮ નો સુયો ખાલી થયો તેને એક બાજુ મૂકી નંબર ૬ ના સુયા વડે ગૂંથો. ૧ ઉંધો, ૩ સાદા, ૧ ઉંધો, ૩ સાદા, એવા રીતે આખી લાઇન ગૂંથી જાઓ. અને નંબર ૮ નો સુયો એક બાજુએ મુકી નંબર ૬ ના સુયા વડે ગૂંથો.

૨જી લાઇન—૧ સાદો, ૩ ઉંધા, ૧ સાદો, ૩ ઉંધા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૩જી લાઇન—૧લી લાઇન પ્રમાણે ગૂંથો.

૪થી લાઇન—૨જી લાઇન પ્રમાણે ગૂથો.

એવા રીતે વારા ફરતી ૧લી અને ૨જી લાઇન ગૂંથતા ગૂંથતાં ૧૦॥ ઇંચિ સુધી ગૂંથી જાઓ. એટલે પટાની નીચેની ધારથી કુલ ગૂંથણુ ૧૩ ઇંચ થશે.

હવે ખભા ઉતારો—ગૂથણની અવળી બાજુ સામે રાખીને નીચે પ્રમાણે શરૂ કરો.

૧લી લાઇન—૬ ખુટા બાંધો. બાકીનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૨જી લાઇન—૬ ખુટા બાંધો, બાકીનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૩જી લાઇન—૨ ખુટા ભેગા, બાકીનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૪થી લાઇન— ૩જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

આ પ્રમાણે ૨જી બે લાઇન ગૂંથો એટલે દરેક બાજુએ ચાર ચાર ખુટા ઘટયા, હવે બાકી રહેલા ખુટાઓને ચાલુ ભાત પ્રમાણે ૧૦ લાઇન ગૂંથો, ત્યાર પછી ગળાનો ભાગ સંકોડવા માટે નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—૨ ઉંધા ખુટા ભેગા, * પછી ૨ ઉંધા, ૨ ઉંધા ખુટા ભેગા, ફરી * આવા નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૨જી લાઇન—૨ સાદા, ૧ ઉંધો, ૨ સાદા, ૧ ઉંધો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૩જી લાઇન—આખી લાઇન ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૪થી લાઇન—૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૫મી લાઇન—૩જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે વારા ફરતી ૨જી અને ૩જી લાઇન પ્રમાણે કુલ ૧૦ લાઇન ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧૧મી લાઇન—૨ ઉંધા ખુટા ભેગા, * ૧ ઉંધો, ૨ ઉંધા ભેગા, ફરી * આવા નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૧૨મી લાઇન—૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ

૧૩મી લાઇન—૨ સાદા, ૧ ઉંધો, ૨ સાદા, ૧ ઉંધો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૧૪મી લાઇન—૧૨મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૫મી લાઇન—૧૩મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૬મી લાઇન—૧૨મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૭મી લાઇન—૧૩મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૮મી લાઇન—૧૨મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૯મી લાઇન—૧૩મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૨૦મી લાઇન—૧૨મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે બદામી ઊન તોડી નાખી સફેદ ઊન જોડો, અને પાંચ લાઇન સાદા ખુટાની ગૂંથો. પછી ખુટા બાંધો એટલે આગળનો ભાગ પૂરો થયો.

પીઠ

આ ભાગ પણ આગલા ભાગ પ્રમાણેજ એજ માપનો અને એજ રીતથી ગૂંથી જાઓ. કારણ કે બન્ને ભાગ સરખા છે.

બાંયુ

નીચેના મોળીયાંથી શરૂ કરો. નંબર ૬નો સુયો અને સફેદ ઊન વડે ૬૦ ખુટા નાખો, અને નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—૨ સાદા, ૨ ઉંધા, ૨ સાદા, ૨ ઉંધા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૨જી લાઇન—૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૩જી લાઇન—૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. કુલ ૧૦ લાઇન ગૂંથો. પછી સફેદ ઊન તોડી નાખી રંગીત ઊન જોડો, ને નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન— ૩ સાદા, * ૧ ઉંધો, ૩ સાદા, ફરી * આવા નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૨જી લાઇન— ૧ સાદો, ૩ ઉંધા, ૧ સાદો, ૩ ઉંધા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૩જી લાઇન— ૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૪થી લાઇન— ૨જી લાઇન પ્રમાણે ગૂંથો. હવે ૧લી અને ૨જી લાઇન પ્રમાણે વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં મોળીયાંની ધારથી કુલ લંબાઇ પાંચ ઇંચ થાય ત્યાં સુધી ગૂંથી જાઓ, પછી નીચે પ્રમાણે ઘાટ ઉતારો.

૧લી લાઇન— ૨ ઉંધા ખુટા ભેગા, * ૨ ઉંધા, ૨ ઉંધા ખુટા ભેગા, ફરી * આવા નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૨જી લાઇન— ૨ સાદા, ૧ ઉંધો, ૨ સાદા, ૧ ઉંધો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૩જી લાઇન— ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૪થી લાઇન— ૨જી લાઇન પ્રમાણે. હવે ૩જી અને ૨જી લાઇન પ્રમાણે વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં કુલ ૧૦ લાઇન ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે.

૧૧મી લાઇન— ૨ ઉંધા ભેગા, ૧ ઉંધો, ૨ ઉંધા ભેગા, ૧ ઉંધો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૧૨મી લાઇન—૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૧૩મી લાઇન— ૨ સાદા, ૧ ઉંધો, ૨ સાદા, ૧ ઉંધો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૧૪મી લાઇન— ૧૨મી લાઇન પ્રમાણે ગૂંથો

૧૫મી લાઇન—૧૩મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૬મી લાઇન—૧૨મી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ.

૧૭મી લાઇનિ—૧૩મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૮મી લાઇન—૧૨મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૯મી લાઇન—૧૩મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૨૦મી લાઇન—૧૨મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે બદામી ઊન તોડી નાખી સફેદ ઊન જોડો. અને પાંચ લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ. પછી ખુટા બાંધો.

અહીં એક બાંય પૂરી થઈ હવે એજ રીતથી અને એજ માપની બીજી બાંય ગૂંથી જાઓ.

સાંધા જોડવા

સૂચના પ્રમાણે સાંધા જોડો. પહેલાં પડખાંના સાંધા અને પછી બાંયું જોડીને ચિત્રમાં બતાવ્યા મુજબ બટન ચોડો. બાંયુંનો સાંધો બટન ચોડેલ છે તે જગ્યાએ આવશે.

૯. એક વરસનાં બચ્ચાંનું સ્વેટર

(પુઠાંની આકૃતિ જુઓ.)

માપ—ખભા ઉપરથી પટાની નીચે સુધી કુલ લંબાઇ ૧૧ ઇંચ. પહોળાઇ ૧૮ ઇંચ ગોળ.

સુયા—નંબર ૧૫ની જોડી ૧. પીન નંગ ૩.

ઊન—૩ ઔંસ ખુલતો સલેટીયાં અને ૧ ઔંસ સફેદ.

ઊનની જાડાઈ—લોખંડના ૧૬ નંબરના સુયાની જાડાઇ જેટલી.

ખુટાનું તાણુ—૧ ઇંચના ૮ ખુટા.

આગળનો ભાગ

સ્વેટર નીચેની ધારથી શરૂ કરો. સલેટીયાં ઊન લઈ નંબર ૧૫ના સુયા વડે ૭૨ ખુટા નાખો.

૧લી લાઇન—સાદા ખુટાની ગુંથી જાઓ.

૨જી લાઇન—૧ ખુ. લ. પછી ૨ ઉંધા, ૨ સાદા, ૨ ઉંધા, ૨ સાદા, એવી રીતે આખી લાઇન ગુંથી જાઓ. છેલ્લે ૧ સાદો.

૩જી લાઈન—૨ જી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ.

૪ થી લાઇન—૨ જી લાઇન પ્રમાણે ગુંથી જાઓ.

હવે ઉપરની ૨ જી લાઇન પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં ૧॥ ઇંચનો પટો ગુંથી જાઓ. પછી રંગીત ઊન તોડી નાખી સફેદ ઊન જોડો અને નીચે પ્રમાણે ગુંથો.

૧ લી લાઇન– ૧ ખુ૦ લ૦, બાકીનું ગૂંથણ સાદા ખુટાનું ગૂંથી જાઓ.

૨ જી લાઇન– ૧ ખુ૦ લ૦, બાકીનું ગૂંથણ ઉંધા ખુટાનું ગૂંથી જાઓ.

૩ જી લાઇન— ૧ લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૪ થી લાઈન — ૨ જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૫ મી લાઇન — ૧ લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૬ ઠી લાઈન — ૨ જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. પછી સફેદ ઊન તોડી નાખી રંગીત ઊન જોડો અને નીચે પ્રમાણે ગૂંથો.

૭ મી લાઇન—૧ લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૮ મી લાઇન — ૨ જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૧લી અને ૨જી લાઇન વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં કુલ પાંચ ઇંચ સુધી ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—૬ ખુટા બાંધો. પછી ૩૦ સાદા ખુટા ગૂંથો અને બાકી રહેલા ખુટાને પીન પર ઉતારી નાખી નીચે પ્રમાણે ગૂંથો એટલે ગળાનો એક બાજુનો ભાગ ગૂંથાશે અને ખંભો ઉતરશે.

૨જી લાઈન— ૨ સાદા ભેગા, વચ્ચેનું ગૂંથણ ઉંધા ખુટા ગૂંથી જાઓ અને છેલ્લા ૨ ખુટા ભેગા,

૩ જી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ. છેલ્લા બે ભેગા.

૪થી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ, છેલ્લા ૨ ખુટા ભેગા.

૫મી લાઈન—૩જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૬ઠી લાઇન—૪થી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ.

૭મી લાઇન—૩જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૮મી લાઇન—૪થી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

અહીં ખભાની ગોળાઇ પુરી થઈ અને ગળાની બાજુ ઉપરની ૪ થી લાઇન પ્રમાણે દર બીજી લાઇને ૨ ખુટા ભેગા ગૂંથો એટલે એક, એક, ખુટો ઘટતો જશે. એવી રીતે ગૂંથતાં ગૂંથતાં બાકી ૧૧ ખુટા રહે ત્યાં સુધી ગૂંથી જાઓ. પછી બાકી રહેલા ૧૧ ખુટાને ચાલુ ભાત પ્રમાણે ગૂંથો. જ્યારે પટાની નીચેથી ખભાની ઉપર સુધી કુલ ગૂંથણ ૧૧ ઇંચ થાય ત્યારે ખુટા બાંધી દોરાં તોડી નાખો. પછી બાકી રહેલા ખુટાની અંદર ઊન પરોવી બહાર કાઢો.

હવે ગળાનો બીજી બાજુનો ભાગ ગૂંથો. વચ્ચેના પહેલા ખુટાની અંદર ઊન પરોવી ગાંઠ વાળો અને પહેલા ભાગની રીતથી તે ભાગને ગૂંથી જાઓ. પણ જે ખુટાને ખભાની બાજુ ઘટાડવા હોય તે ખભાની બાજુએ ઘટાડવા અને ગળાની બાજુ ઘટાડવાના હોય તે ગળાની બાજુએ ઘટાડવા એ ખાસ ધ્યાનમાં રાખવું.

પીઠ

આગળના ભાગ પ્રમાણે નીચેના પટાથી શરૂ કરી તેજ રીત પ્રમાણે પીઠનો ભાગ ગૂંથી જાઓ. ખભા તે પ્રમાણે જ ઉતારવા પણ ફક્ત ગળું ઉતારવું નહિ. બે ખભાની વચ્ચેનો ભાગ આખો રહેશે. ગુંથણ પૂરૂં થાય એટલે ખુટા બાંધો. પછી આગળના અને પાછળના ભાગને સાથે અવળા રાખી ખભા ઉપરના અને પડખાના નીચેના બન્ને બાજુના સાંધા જોડો.

બાંયું અને ગળાની પટી

પટી એક છેડાની ધારથી શરૂ કરો. સફેદ ઊન લઇ નંબર ૧૫ના સૂયા વડે ૧૦ ખુટા નાખો. પછી નીચે પ્રમાણે ગૂંથો

૧લી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨જી લાઇન—૧ ખુ૦ લ૦, પછી ૧ ઉંધો, ૧ સાદો,
૧ ઉંધો, ૧ સાદો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૩જી લાઇન—૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.


૪થી લાઇન— ૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.


હવે ૨જી લાઇન પ્રમાણે દરેક લાઇન ગૂંથતાં ગૂંથતાં ૯ ઇંચ લાંબી પટી ગૂંથી ખુટા બાંધો, પછી એક હાથ લાંબો દોરો રાખી ઊન તોડી નાખો અને બાકી રહેલા છેલ્લા ખુટાની અંદર પરોવી બહાર કાઢો. હવે એ જ રીતથી અને એ જ માપની બીજી બાજુની પટી ગૂંથી જાઓ.

ગળાની પટી બાંયુંની પટીની માફક તેટલા જ ખુટાની અને એ જ રીતથી ૧૭ ઇંચ લાંબી ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે ચોડો.

પટીને છેડે એક હાથ લાંબો દોરો છે તેને સાયમાં પરોવો અને સ્વેટરનું ગૂંથણુ અવળું રાખી ગળાના આગળના ભાગની વચેની અણીથી પટી ચોડવી શરૂ કરો. ચોડતી વખતે પટી જોઇએ તેટલી તાણવી કે જેથી છેડે આવતાં લાંબી ટુંકી થાય નહિ. પછી બન્ને નીચેના છેડાને ભેગા થાય ત્યાં ત્રાંસા સીવો જેથી ખૂણો દેખાવમાં તીખો થશે. પછી છેડાને અંદરના ભાગમાં વાળી સીવી જાઓ. પછી આજ રીતથી ખભાની પટીઓ ચોડો. આ પટીઓનો ખૂણો બગલની નીચે રાખવો.

૧૦. બચ્ચાંનાં બુટી





આકૃતિ ૧૯મી

ઊન—લવંડર ઔંસ ૧ અને કાળી વાર ૩.

સુયા—નંબર ૧૫ના જોડી ૧.

ઊનની જાડાઇ—લોખંડના ૧૬ નંબરના સુયાની જાડાઇ જેટલી

ખુટાનું તાણ—૧ ઇંચના ૭ ખુટા.

ગૂંથણ

નીચેના તળિયાંથી શરૂ કરો. લવંડર ઊન લઇ નંબર ૧૫ના સુયા વડે ૨૨ ખુટા નાખો. પછી નીચે પ્રમાણે ગૂંથો. ગૂંથણ તળિયાંની એક બાજુથી શરૂ કરી બન્ને બાજુ ખુટા વધારતાં જવું.

૧લી લાઇન–સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨જી લાઇન–૧ ખુટો નાખો. બાકીનું ગૂથણ ઊંધા ખુટાનું ગુંથી જાઓ. અને છેલ્લે ૧ ખુટો નાખો.

૩જી લાઇન–સાદા ખુટાની ગૂંથી જાઓ. પછી છેલ્લે ૧ ખુટો નાખો.

૪થી લાઇન–ઊંધા ખુટાની ગૂંથી જાઓ અને છેલ્લે ૧ ખુટો નાખો.

૫મી લાઇન–૩જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૬ઠી લાઇન–૪થી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૩જી અને ૪થી લાઇન વારા ફરતી ગુંથતાં ગુંથતાં કુલ ૧૫

લાઇન ગૂંથો એટલે અરધું તળિયું થયું. પછી ૨ લાઇન ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે ઘટાડવું શરૂ કરો.

૧લી લાઇન–૨ ખુટા ભેગા, વચ્ચેનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. છેલ્લા ૨ ખુટા ભેગા.

૨જી લાઇન-ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૩જી લાઇન–૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૪થી લાઇન–૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૧ લી અને ૨જી લાઇન વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં કુલ ૨૨ ખુટા બાકી રહે ત્યાં સુધી ગૂંથી જાઓ. પછી સાદા ખુટા ગૂંથતી વખતે ઊન જરા ઢીલી રાખવી અને ખુટા બાંધતાં જવું એટલે નીચેનું તળિયુ પરૂં થયું. પછી નીચે પ્રમાણે ઉપરનો પટો ગૂંથવો શરૂ કરો.

સળાઇનો પટો

ગૂંથણ એક છેડાની ધારથી શરૂ કરો. લવંડર ઊન લઇ નંબર ૧૫ ના સુયા વડે ૧૬ ખુટા નાખો. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧ લી લાઇન–સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨ જી લાઇન–ઊંધા ખુટાની ગૂંથી જાઓ.

૩ જી લાઇન–૧ લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૪ થી લાઇન–૨ જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૧લી અને ૨જી લાઇન પ્રમાણે વારાફરતી ગૂંથતાં ગૂંથતાં કુલ ગૂંથણ ૧૧ ઇંચ થયા પછી ખુટા બાંધો. એટલે સળાઇનો પટો પુરો થયો. તે પટાને ટુટી ઉપરના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ગોળ વાળી અને એક છેડો બીજા છેડાની બાજુની ધારે અડયો ત્યાં સાંધો કરી જાઓ. એટલે સળાઇ પૂરી થઇ. આ સળાઇની અણી છે તે ટુટીનો ફણો થશે.

હવે નીચેના તળિયાં સાથે આ સજાઈ જોડો. સજાઈ અવળી રાખી તેની બહારની ધાર ફણાથી શરૂ કરી તળિયાં સાથે ચોડવા માંડો. તળિયું પણ અવળું રાખવું અને ચોતરફ સાંધો જોડાઈ જાય એટલે ખુટીને સવળું કરો. આજ રીતથી બીજુ બુટી કરો.

કાન

પહેલાં એક કાન ગૂંથો. લવંડર ઊન લઈ નંબર ૧૫ના સુયા વડે ૮ ખુટા નાખો. પછી નીચે પ્રમાણે ગૂંથો,

૧લી લાઈન–સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨જી લાઇન–ઊંધા ખુટાની ગૂંથી જાઓ.

હવે ૧લી અને ૨જી લાઇન વારાફરતી ગૂંથતા ગૂંથતા કુલ ૧॥ ઈંચ સુધી ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે ઘાટ ઉતારો. પણ છેલ્લી લાઇન ઊંધા ખુટાની હોવી જોઈએ.

૧લી લાઇન–૨ ખુટા ભેગા, પછી ૪ સાદા, ફરી ૨ ખુટા ભેગા.

૨જી લાઇન–ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૩જી લાઇન–૨ ખુટા ભેગા, પછી ૨ સાદા, ૨ ખુટા ભેગા.


૪ થી લાઇન–ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૫મી લાઈન–૨ ખુટા ભેગા, બે વાર.

૬ઠી લાઇન–ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૭મી લાઈન–૨ ખુટા ભેગા, હવે બાકી રહેલા ૧ ખુટાને ૧ ઉંધો ખુટો ગૂંથો. પછી ઊન તોડી નાખી તે ખુટાની અંદર પરોવી ગાંઠ વાળો. હવે એ જ રીતથી બીજા ૩ કાન ગૂંથી જાઓ. અને ચિત્રમાં બતાવેલ છે તે પ્રમાણે દરેક બુટીને બબે કાન ચોડી જાઓ. પછી કાળી ઊન સોયમાં પરોવી આંખો અને મૂછું કરી જાઓ.

૧૧. વાસ્કોટ



આકૃત્તિ ૧૦ મી

માપ—ખભા ઉપરથી પટાની નીચે સુધી કુલ લંબાઇ ૧૮॥ ઇંચ.
છાતીએ પહોળાઇ ૩૬ ઇંચ ગોળ.

સુયા—નંબર ૮ ના જોડી ૧. પીન નંગ ૨. અને બટન નંગ ૨.

ઊન—૬ ઔંસ સલેટીયા રંગની.

ઊનની જાડાઈ—૧૫ નંબરના લોખંડના સુયાની જાડાઇ જેટલી.

ખુટાનું તાણ—૧ ઇંચના ૭ ખુટા.

ગૂંથણ

નીચેના પટાથી શરૂ કરો. સલેટીયા ઊન લઇ નંબર ૮ ના સુયા વડે ૨૨૪ ખુટા નાખો. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨જી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૩જી લાઇન—૧૦ ખુટા સાદા, પછી ૧ ખુટો નાખો. (ગૂંથણની વચમાં ખુટો નાખવા માટે એ ખુટાની વચ્ચેની આંટીને જમણા સુયા વડે ડાબા સુયા પર ચડાવો અને તે આંટીને ગૂથો એટલે એક ખુટો નખાયો અથવા વધ્યો.) હવે છેલા ૧૦ ખુટા બાકી રહે ત્યાં સુધી સાદા ખુટા ગૂંથી જાઓ. ફરી ૧ ખુટો નાખો. અને છેલ્લા ૧૦ ખુટા સાદા.

૪થી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૫મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૬ઠી લાઇન—૩જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૭મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૮મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૯મી લાઇન—૩જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૦મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૧૧મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ. અહીં પટાનું ગૂંથણ પૂરું થયું. હવે નીચે પ્રમાણે દાણાદાર ભાતનું ગૂંથણ શરૂ કરો.

સફેદ ઊન લઈ નંબર ૧૦ ના સુયા વડે ૧૦૦ ખુટા નાખો. પછી નંબર ૧૦નો બીજો સુયો લઈ નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

હવે સાદા ખુટા ગૂંથતાં ગૂંથતાં ગૂંથણુ ૨ ઇંચ પહોળું થાય ત્યાં સુધી ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—૩૫ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ સાદા ખુટા ગૂંથી જાઓ.

૨ જી લાઇન—૩૫ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ સાદા ખુટા ગૂંથી જાઓ.

૩ જી લાઇન—૨ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ સાદા ખુટા ગૂંથી જાઓ.

૪ થી લાઇન—૩ લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૫ મી લાઇન—૩ જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૬ ઠી લાઇન—૩ જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૭ મી લાઇન—સાદા ખુટા ગૂંથો અને ખુટા બાંધો.

બાંયુંની પટી

ગૂંથણુ સવળું રાખી હાથની ગોળાઇની ધાર પરથી સફેદ ઊન લઈ

નંબર ૧૨ ના સુયા વડે ૮૫ ખુટા ઉંચકો અને ૧૨ લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ.

૧૩ મી લાઇન—ઊન જરા ઢીલી રાખવી અને સાદા ખુટા ગૂંથતાં જાઓ અને ખુટા બાંધતાં જાઓ. હવે એજ રીતથી બીજી બાજુનું બોર્ડર ગૂંથી જાઓ.

સાંધા જોડો.

પહેલાં સ્વેટરનું ગુંથણ સવળું રાખી એક છેડેથી કોલર સાંધવો શરૂ કરો. કોલર જોઇએ તેટલો તાણવો જેથી છેડે આવતાં લાંબો ટુંકો રહે નહિ. કોલર ચોડી રહ્યા પછી ગૂંથણ અવળું રાખી સ્વેટરના પડખાંના બન્ને બાજુના સાંધા જોડો. અને ખિસ્સાના અંદરના પડખાંને સાંધો. પછી બહાર ખિસ્સાની ઉપરની સફેદ બોર્ડર છે તેને સ્વેટરની સાથે સાંધી જાઓ. હવે એજ પ્રમાણે બીજા ખિસ્સાને સાંધો.

૨૦. એક વરસનાં બચ્ચાં માટે મોજાં



માપ—લંબાઇ ૫ ઇંચ, પહોળાઈ પાા ઇંચ ગોળ.
સુયા—નંબર ૧૨ના જોડી ૧ અને પીન નંગ ૨.
ઊન—ખુલતો ગુલાબી ઔંસ ૧ાા.
ઊનની જાડાઈ—લોખડના ૧૪ નંબરના સુયાની જાડાઈ જેટલી.

આકૃતિ ૨૮ મી ખુટાનું તાણુ—૧ ઇંચના ૭ ખુટા.

ગૂંથણ

ઉપરની ધારથી શરૂ કરો. ગુલાબી ઊન લઈ નંબર ૧૨ના સુયા વડે ૩૮ ખુટા નાખો. પછી બીજો સુયો લઇ નીચે પ્રમાણે ગૂથો.

૧લી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨જી લાઇનિ—૨ સાદા, ૨ ઉંધા, ૨ સાદા, ૨ ઉંધા, એવી રીતે આખા લાઇનિ ગૂંથી જાઓ.

૩ જી લાઇનિ—૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૨ જી લાઇન પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં ૧ાા ઇંચ સુધી ગૂંથી જાઓ એટલે પટાનુ ગૂંથણ પુરૂં થયું. પછી નીચે પ્રમાણે ભાત શરૂ કરો.

૧લી લાઇન—૨ સાદા, ૩ ઉંધા, ૨ સાદા, ૩ ઉંધા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૨ જી લાઈન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૩ જી લાઇન–૧ લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૪ થી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

હવે એક લાઇન ૧લી લાઇન પ્રમાણે અને બીજી લાઇન ઊંધા ખુટાની વારાફરતી ગૂંથતાં ગૂંથતાં કુલ ગૂંથણ પાંચ ઇચ થયા પછી નીચે પ્રમાણે ગૂંથો (છેલ્લી લાઇન ઉંધા ખુટાની હોવી જોઇએ.)

૧લી લાઇન—૧ સાદો, પછી ઊન આગળ, ૨ સાદા ભેગા, ઊન આગળ ૨ સાદા ભેગા, એવા રીતે આખી લાઇન ગૂંથી જાઓ. છેલ્લે ૧ સાદો.

૨ જી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૩ જી લાઇન—૧૦ ખુટા બાકી રહે ત્યાં સુધી ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. હવે ૧૦ ખુટા બાકી રહ્યા તેને એક પીન પર ઉતારી નાખો.

૪થી લાઇન—૧૦ ખુટા બાકી રહે ત્યાં સુધી ઉંધા ખુટા ગૂંથી જાઓ અને બાકી રહેલા ૧૦ ખુટાને એક પીન પર ઉતારી નાખો એટલે બન્ને બાજુ ૧૦, ૧૦ ખુટા રહ્યા. પછી સુયા પરના ખુટાને નીચે પ્રમાણે ગૂંથો એટલે ફણાનો ઉપરનો ભાગ થશે.

હવે એક લાઇન ચાલુ ભાત પ્રમાણે અને બીજી લાઇન ઉંધા ખુટાની વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં ૩ા ઇંચ સુધી ગૂંથી જાઓ પછી નીચે પ્રમાણે ઘાટ ઉતારો.

૧લી લાઇન—૨ ખુટા ભેગા, વચ્ચેનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે. છેલ્લા ૨ ખુટા ભેગા.

૨ જી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૩ જી લાઇન—૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૪થી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૫મી લાઇન—૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૬ઠી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૭મી લાઈન—૧લી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ. એટલે ૧૦ ખુટા બાકી રહ્યા. પછી નીચે પ્રમાણે તળીયાનો ભાગ ગૂંથો.

૮મી લાઇન—જે પીન પર ઉતારેલા ૧૦ ખુટા છે તે પીન વડે ગૂંથી રહેલા ફણાની બાજુની ધાર પરથી ૧૩ ખુટા ઉંચકો. પછી તે ખુટાઓને સાદા ખુટા ગૂંથી જાઓ.


૯ મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ. અને પછી બીજી બાજુના પીન પર ખુટા છે તેજ બાજુની પડખાની ધાર પરથી ૧૩ ખુટા પીન વડે ઉંચકો. પછી સુયા પરના ગૂંથણ ની સાથે પીન પરના ખુટાઓને ગૂંથી જાઓ એટલે કુલ ૫૬ ખુટા થયા. હવે તે ૫૬ ખુટાને સાદા ખુટાનું ગૂંથણ ગૂંથતાં ગૂંથતાં ૧૭ લાઇન ગૂંથી ખુટા બાંધો.

સાંધા જોડો

મોજાનું ગૂંથણ અવળું રાખી તેજ રંગની ઊન લઈ સોય વડે બન્ને બાજુનાં પડખાં ભેગા રાખી એક છેડેથી સાંધવું શરૂ કરો. સાંધો પુરો થાય ત્યાં મજબૂત ગાંઠ વાળી દોરો તોડી નાંખો, અને મોજું સવળું કરો. પછી તેજ રંગની ઊન ચોવડી કરી વળ દ્યો અને પહેલાં એક છેડે ફુમકું બાંધો. પછી નાના વીંધ છે ત્યાં દોરાને આગળના ભાગમાંથી એક વાર અંદરથી પરોવો અને બીજી વાર બહારથી પરોવો એવી રીતે બધા વીંધમાં પરોવી જાઓ. પછી બીજે છેડે ફુમકું બાંધો.

હવે એજ રીત પ્રમાણે અને એજ માપનું બીજી બાજુનું મોજું ઉપરની રીત પ્રમાણે ગૂંથી જાઓ.

૨૧. એક વરસનાં બચ્ચાંની ટોપી



આકૃતિ ૨૯મી

ઊન-નારંગી ઔંસ ૧.

ઊનની જાડાઈ-૧૭ નંબરના લોખંડના સૂયાની જાડાઇ જેટલી.

સૂયા-નંબર ૧૫ના જોડી ૧.

ખુટાનું તાણ-૧ ઇંચના ૧૨ ખુટા.

ગૂંથણ

નીચેની ધારથી શરૂ કરો. નારંગી ઊન લઈ નંબર ૧૫ના સૂયા વડે ૧૪૪ ખુટા નાખો. પછી નંબર ૧૫નો બીજો સૂયા લઇ નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ. હવે બીજી ૬ લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ. એટલે નીચેની ધારની પટી પુરી થઈ. હવે નીચે પ્રમાણે ભાત શરૂ કરો.

૮મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૯મી લાઇન—ઊંધા ખુટાની ગૂંથી જાઓ.

૧૦મી લાઇન—૬ સાદા, પછી ઊન આગળ, ૨ સાદા ભેગા, ૬ સાદા, ઊન આગળ, ૨ સાદા ભેગા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૧૧મી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૧૨મી લાઇન—* ૪ સાદા, ઊન આગળ, ૨ સાદા ભેગા, ૨ સાદા, ઊન આગળ, ૨ સાદા ભેગા, ફરી * આવા નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૧૩મી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૧૪મી લાઇન—૧૦મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૫મી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૧૬મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

હવે ૭ લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ એટલે પટાનું ગૂંથણ પુરૂં થયું. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૨૪મી લાઇન—૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો. એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૨૫મી લાઇન—૨૪મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૨૪મી લાઇન પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં બીજી ૧૯ લાઇન ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે ઉપરની ભાત શરૂ કરો.

૩૪મી લાઇન—૧ ઉંધો, ૩ સાદા, ૧ ઉંધો, ૩ સાદા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ

૩૫મી લાઇન—૩ ઉંધા, ૧ સાદો, ૩ ઉંધા, ૧ સાદો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

હવે એક લાઇન ૩૪મી લાઇન પ્રમાણે અને બીજી લાઇન ૩૫મી લાઇન પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં પટાની ઉપરથી ૬ ઇંચ ગૂંથણ થયા પછી નીચે પ્રમાણે ગૂંથો,

૧લી લાઇન— ૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૨જી લાઈન—૧લી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૧લી લાઇન પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં ૧ ઈંચ સુધી ગૂંથી જાઓ. 'એટલે ટોપીનું ગૂંથણ પુરૂં થયું. પછી ગૂંથણ અવળુ રાખી મજબૂત બેવડો દોરો સોયમાં પરોવો. પછી સુયા પરના બધા ખુટાને સોય વડે દોરા પર ઉતારી નાખો. હવે પડખાંનો સાંધો જોડી દોરા પરના ખુટાને એકઠા કરવા માટે બન્ને બાજુના દોરાના છેડા ભેગા કરી ગાંઠ વાળો. ફરી બીજી બે ગાંઠો વાળી દોરો તોડી નાખો. પછી ગૂંથણ સવળું કરી ઉપર ફુમકું બાંધો. અને ચિત્રમાં બતાવ્યા પ્રમાણે નીચેનાં પટો વાળો.

૨૨. દસ વરસના છોકરાનું સ્વેટર



આકૃતિ ૩૦મી

ઊન દ્વિરંગી હોવાથી લેરિયાં ભાત ચોકખી દેખાતી નથી પણ એક રંગની ઊનમાં ચોકખી દેખાશે.

માપ—ખભા ઉપરથી પટાની નીચે સુધી કુલ લંબાઈ ૧૪ા ઈંચ. છાતીએ પહોળાઇ ૨૪ ઇંચ ગોળ.

સુયા—નંબર ૧૪નો ગોળ ૧, નંબર ૧૦ નો ગોળ ૧, પીન નંગ ૩ હુક નંગ ૧.

ઊન—સફેદ ઔંસ ૧. ભુરી ઔંસ ૪ા, અને બટન નંગ ૨.

ઊનની જાડાઇ—૧૪ નંબરના લાખંડ સુયાની જાડાઈ જેટલી.

ખુટાનું તાણ—૧ ઇંચના આઠ ખુટા.

ગૂંથાણ

નીચેની ધારથી શરૂ કરો. ભુરી ઊન લઇ નંબર ૧૦ના સુયા વડે ૧૯૨ ખુટા નાખો. પછી તેજ સુયા વડે ૨ સાદા ખુટા ગૂંથો. અને નંબર ૧૪નો સુયો લઇ નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—સાદા ખુટાની ગૂંથો. અને નંબર ૧૦નો સુયો ખાલી થયો તેને એક બાજુ મુકો.

૨જી લાઇન—૨ સાદા, ૨ ઉંધા, ૨ સાદા, ૨ ઉંધા એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ. જ્યાં લાઇન પુરી થાય ત્યાં નિશાન બાંધવું કે જેથી લાઈન પુરી થાય એટલે ખબર પડે.

હવે ૨જી લાઈન પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં ૨ા ઈંચ સુધી ગૂંથી જાઓ એટલે પટાનું ગૂંથણ પુરૂં થયું. હવે ભુરી ઊન એમજ રહેવા દો. પહેલા ખુટાની અંદર સફેદ ઊન જોડો. અને સફેદ ઊનથી નીચે પ્રમાણે ગૂંથો.

૩ લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ. પછી સફેદ ઊન એમજ રહેવા દો અને ભુરી ઊન વડે ૨ લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ.

હવે દોરંગી ભાત કરવા માટે સફેદ અને ભુરી બન્ને ઊન વડે સાથે ગૂંથણ કરવામાં આવશે. નીચે એમ આપવામાં આવશે કે

આટલા ખુટા સફેદ ઊનથી અને આટલા ખુટા ભુરી ઊનથી. માટે નીચે આપેલી વિગત ખાસ ધ્યાનમાં રાખવી.

ધારોકે પહેલાં ભુરી ઊનથી એક ખુટો ગૂંથવો છે. તો ખુટો ગૂંથ્યા પહેલાં સફેદ ઊન ભુરી ઊન ઉપરથી ઉતારી નીચે મૂકવી. પછી ખુટો ગૂંથવો. અને ફરી બીજો ખુટો ભુરી જ ઊનથી ગૂંથવાનો હોયતો સફેદ ઊનને આગળ લઈ આવી નીચે મૂકવી. આમ કરવાથી બન્ને ઊનમાં વળ પડતો નથી. જો સફેદ ઊનથી ખુટો ગૂંથવો હોયતો ભુરી ઊન સફેદ ઊન ઉપરથી ઉતારવી અને ભુરી ઊનથી ખુટો ગૂંથવો હોયતો સફેદ ઊન ઉપરથી ઉતારવી.

૧લી લાઇન—૮ સાદા ભુરી ઊનથી, * પછી ૨ સાદા સફેદ ઊનથી, અને ૮ સાદા ભુરી ઊનથી. ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૨જી લાઇન—૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. હવે સફેદ ઊન એમ જ રહેવા દો અને ભુરી ઊન વડે ૨ લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ.

ફરી ભુરી ઊન એમજ રહેવા દો અને સફેદ ઊનથી ૩ લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ. પછી સફેદ ઊન તોડી નાખી ભુરી ઊન અને નંબર ૧૦ નો સુયો લઈ એક લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ, અને નંબર ૧૪ નો સુયો ખાલી થયો તેને એક બાજુ મુકો. પછી નીચે પ્રમાણે **લેરીયાં ભાતનું** ગૂંથણ શરૂ કરો.

૧ લી લાઇન— ૫ ઉંધા. ૭ સાદા, ૫ ઉંધા, ૭ સાદા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૨જી લાઇન— * * ૧ સાદો, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૩જી લાઈન - ૨ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૪થી લાઈન—૩ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૫મી લાઈન —૪ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૬ઠી લાઈન—૫ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૭મી લાઈન—૬ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૮મી લાઈન—૭ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૯મી લાઈન—૧ ઉંધો, ૭ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૧૦ મી લાઈન—૨ ઉંધા, ૭ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ. અહીં અરધું લેરીયું પૂરું થયું.

૧૧ મી લાઈન—૧ ઉંધો, ૭ સાદા,* ૫ ઉંધા, ૭ સાદા ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૧૨ મી લાઈન—૭ સાદા, ૫ ઉંધા, ૭ સાદા, ૫ ઉંધા, એવી રીતે આખી લાઈન ગૂંથી જાઓ.

૧૩ મી લાઈન—૬ સાદા,* ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા* નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૧૪ મી લાઈન—૫ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૧૫ મી લાઇન—૪ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૧૬ મી લાઇન—૩ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૧૭ મી લાઇન—૨ સાદા, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૧૮ મી લાઇન—૧ સાદો, * ૫ ઉંધા, ૭ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ.

૧૯ મી લાઇન—૧ લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. અહીં એક લેરીયું પુરૂં થયું હવે ફરી આવા * * નિશાનથી શરૂ કરો. અને ઉપરની રીત પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં કુલ ગૂંથણ ૯॥ ઇંચ થયા પછી નીચે પ્રમાણે હાથની ગોળાઇ ઉતારો.

૧લી લાઇન—પહેલાં સફેદ ઊનના નાના બે દેરા કરો. પછી પહેલા ખુટાની અંદર સફેદ ઊન જોડો. અને સફેદ ઊનથી ૧ સાદો, ભુરી ઊન સફેદ ઊન ઉપરથી ઉતારવી, પછી ૧ ઊંધો ૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો. કુલ ૭ ખુટા થયા. હવે સફેદ ઊન એમજ રહેવા દો. પછી ભુરી ઊન વડે ચાલુ ભાત પ્રમાણે ૮૨ ખુટા ગૂંથી જાઓ. ફરી પહેલા ખુટાની અંદર સફેદ ઊન જોડો, અને સફેદ ઊનથી ૧ સાદો, ૧ ઉંધો, એવી રીતે કુલ ૭ ખુટા ગૂંથો. હવે ૯૬ ખુટા પાછળના ભાગના છે તેને સુયા પરથી બે પીન પર ઉતારી નાખી સુયા પરના ખુટાને ગૂંથો. એટલે આગળનો ભાગ થશે.

૨જી લાઇન—ગૂં૦ ફે૦, ૧ ખુ૦ લ૦, પછી ૧ ઉંધો, ૧ સાદો, કુલ ૩ વાર. પછી આકૃતિ ૧૪મીમાં બતાવ્યા પ્રમાણે ભુરી ઊન વડે આંટી નાખો, અને ભુરી ઊનથી ગૂંથો. પહેલાં ૨ ઉંધા ભેગા. બાકીનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે ૯ ખુટા બાકી રહે ત્યાં સુધી

ગૂંથી જાઓ. પછી ૨ સાદા ભેગા. ફરી આકૃતિ ૧૪મી માં બતાવ્યા પ્રમાણે સફેદ ઊનથી આંટી નાખો અને સફેદ ઊન વડે ૧ ઉંધો, ૧ સાદો, એવી રીતે છેડા સુધી ગૂંથી જાઓ.

૩જી લાઈન—૧ ખુ૦ લ૦ પછી સફેદ ઊનથી ૧ ઉંધો, ૧ સાદો, કુલ ૩ વાર. હવે **દરેક લાઈને જ્યાં ભુરી અને સફેદ ઊનનું જોડાણ થાય ત્યાં આકૃતિ ૧૪મીમાં બતાવ્યાં પ્રમાણે આંટી નાખવી** એ ખાસ ધ્યાન રાખવું. હવેથી લખાણમાં ફક્ત એટલું જ આવશે કે સફેદ ઊનથી આટલા ખુટા અને ભુરી ઊનથી આટલા માટે ગૂંથનારને ઉપરની વિગત ધ્યાનમાં રાખવી.

હવે ભુરી ઊનથી ગૂંથો. ૨ સાદા ભેગા. અને ૩૮ ખુટા ચાલુ ભાત પ્રમાણે લેરીયાં ભાત ગૂંથો. પછી ૪ ખુટા નાખો. અને બાકીના ખુટાને એક પીન પર ઉતારી નાખી સુયા પરના ખુટાને ગૂંથો એટલે ગળાની એક બાજુનો ભાગ ગૂંથાશે.

૪થી લાઈન—૧ ઉંધો, ૧ સાદો, કુલ ૪ વાર, બાકીનું ગૂંથણ ૯ ખુટા બાકી રહે ત્યાં સુધી ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. પછી ૨ ઉંધા ભેગા, અને છેલ્લા ૭ ખુટા સફેદ ઊનથી ૧ ઉંધો, ૧ સાદો, એવી રીતે ગૂંથી જાઓ.

૫મી લાઈન—૧ ખુ૦ લ૦, પછી ૧ ઉંધો, ૧ સાદો, કુલ ૩ વાર. પછી ભુરી ઊનથી ૮ ખુટા બાકી રહે ત્યાં સુધી ચાલુ લેરીયાં ભાત પ્રમાણે ગૂંથી જાઓ. છેલ્લા ૮ ખુટાને ૧ ઉંધો, ૧ સાદો ૧ ઉંધો, ૧ સાદો, એવી રીતે ગૂંથી જાઓ.

૬ઠ્ઠી લાઈન—૧ ખુ૦ લ૦, પછી ૧ સાદો, ૧ ઉંધો એવી રીતે કુલ ૭ ખુટા ગૂંથો. હવે ૯ ખુટા બાકી રહે ત્યાં સુધી ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. પછી ૨ ઉંધા ભેગા, અને છેલ્લા ૭ ખુટા સફેદ ઊનથી ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, એવી રીતે ગૂંથી જાઓ.

૭મી લાઇનિ—૧ ખુ૦ લ૦, પછી ૧ ઉંધો, ૧ સાદો, કુલ ૩ વાર. બાકીનુ ગૂંથણ ભુરી ઊન વડે ૮ ખુટા બાકી રહે ત્યાં સુધી ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. પછી ૧ સાદો, ૧ ઉંધો, ૪ ખુટા બાંધો, ફરી ૧ સાદો, ૧ ઉંધો.

૮મી લાઇનિ—૧ ખુ૦ લ૦ પછી ૧ ઉંધો, ૪ ખુટાં નાખો, ૧ સાદો, ૧ ઉંધો. અહીં એક કાચ પુરો થયો. બાકીનું ગૂંથણ ૯ ખુટા બાકી રહે ત્યાંસુધી ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. પછી ૨ ઉંધા ભેગા, અને છેલ્લા ખુટા ઊનથી ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, એવી રીતે ગૂંથી જાઓ.

૯ મી લાઇનિ—૫મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૦ મી લાઇન—૬ઠી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૧ મી લાઇનિ—૫મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૨ મી લાઇન—૬ઠી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૩ મી લાઇનિ—૫મી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ.

૧૪ મી લાઇન—૬ઠી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ.

૧૫ મી લાઇનિ—૫મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૬ મી લાઇન—૬ઠી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૭ મી લાઇનિ—૫મી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ.

૧૮ મી લાઇન—૬ઠી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ. અહીં હાથની ગોળાઈ પુરી થઇ. એકેક બાજુએ ૯ ખુટા ઘટયા. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧૯ મી લાઇનિ—૧ ખુ૦ લ૦, પછી ૧ ઉંધો, ૧ સાદો, કુલ ૩ વાર. હવે ૮ ખુટા બાકી રહે ત્યાં સુધી ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. છેલ્લા ૮ ખુટાને ૧ ઉંધો, ૧ સાદો, એવી રીતે ગૂંથી જાઓ.

૨૦ મી લાઈન— ૧ ખુ૦ લ૦, અને ચાલુ લેરીયાં ભાત પ્રમાણે ગૂંથી જાઓ. છેલ્લા ૭ ખુટા સફેદ ઉનથી.

હવે એક લાઈન ૧૯મી લાઈન પ્રમાણે અને બીજી લાઈન ૨૦ મી લાઈન પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં ૨૭ ૭ લાઈન ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે બીજો કાચ ગૂંથો.

૨૭ મી લાઈન—૮ ખુટા બાકી રહે ત્યાં સુધી ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. પછી ૧ સાદો, ૧ ઉંધો, ૪ ખુટા બાંધો, ૧ સાદો ૧ ઉંધો.

૨૮ મી લાઈન—૧ ખુ૦ લ૦, ૧ ઉંધો, ૪ ખુટા નાખો, પછી ૧ સાદો, ૧ ઉંધો, અહીં બીજો કાચ પુરો થયો. બાકીનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૨૯ મી લાઈન—૧૯મી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે નીચે પ્રમાણે ગળાની ગોળાઈ ઉતારો.

૩૦મી લાઈન— ૮ ખુટા બાંધો, બાકીનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૩૧મી લાઈન—ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. છેલ્લા ૨ ખુટા ભેગા.

૩૨મી લાઈન—ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ, અને છેલ્લા ૭ ખુટા સફેદ ઉનથી ગૂંથો.

હવે એક લાઈન ૩૧મી લાઈન પ્રમાણે અને બીજી લાઈન ૩૨મી લાઈન પ્રમાણે ગૂંથતા ગૂંથતા ૨૬ ખુટા બાકી રહે ત્યાં સુધી ગૂંથી જાઓ. એટલે ગળાની ગોળાઈ પુરી થઈ. હવે ૨૬ ખુટાને ચાલુ ભાત પ્રમાણે ઘટાડયા વગર ગૂંથો. કુલ ગૂંથણ ૧૪॥ ઇંચ થયા પછી ખુટા બાંધો. એટલે ગળાની એક બાજુનો ભાગ ગૂંથાયો.

હવે બીજા ભાગને ગૂંથવા માટે ભુરી ઉનને હાથની બીજી બાજુએથી જોડો અને ઉપરના પહેલા ભાગની માફક અને એજ રીત પ્રમાણે

ગૂંથી જાઓ. ફક્ત કાચ ગૂંથવા નહિ. પટીનું ગૂંથણ સીધું રહેશે. અહીં આગળનો ભાગ પુરો થયો. હવે પીઠનો ભાગ નીચે પ્રમાણે ગૂંથો.

પીન પર ઉતારેલા પીઠના ખુટાઓને આગળના ભાગની માફક અને એ જ રીત પ્રમાણે હાથની ગોળાઈ ઉતારો. ફક્ત આગળની પટી અને ગળું ઉતારવું નહિ. એ ખભાની વચ્ચેનો ભાગ આખો રહેશે. ગૂંથણ ૧૪।। ઇંચ થાય પછી ખુટા બાંધો. હવે ગૂંથણ અવળું રાખી ખભા ઉપરના સાંધા જોડો.

કોલર

ભુરી ઊન લઈ નંબર ૧૦ના સૂયા વડે ૮૦ ખુટા નાખો, પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન— સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨જી લાઇન— સાદા ખુટાની ગૂંથી જાઓ.

૩જી લાઇન—૨ ખુટા ભેગા, વચ્ચેનું ગૂંથણ ઉંધા ખુટા ગૂંથો, છેલ્લા ૨ ઉંધા ભેગા.

૪થી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૫મી લાઇન—૩જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૬ઠી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૭મી લાઇન —૩જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૮મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૯મી લાઇન—૩જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે એક લાઇન સાદા ખુટાની અને બીજી લાઇન ઉંધા ખુટાની વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં બીજી ૧૨ લાઇન ગૂંથી જાઓ.

૨૨મી લાઇન—૧૦ ખુટા બાંધો, બાકીનું ગૂંથણ સાદા ખુટા ગૂંથી જાઓ.

૨૩મી લાઇન—૧૦ ખુટા બાંધો, બાકીનું ગૂંથણ ઉંધા ખુટા ગૂંથી જાઓ.

૨૪મી લાઇન—૨ ખુટા બાંધો, બાકીનું ગૂંથણ સાદા ખુટા ગૂંથી જાઓ.

૨૫મી લાઇન—૨ ખુટા બાંધો, બાકીનું ગૂંથણ ઉંધા ખુટા ગૂંથી જાઓ.

૨૬મી લાઇન—સાદા ખુટા ગૂંથો અને ખુટા બાંધો. પછી સફેદ ઊન અને હુક વડે કોલરને ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ફરતી બોર્ડર બાંધો. પછી સ્વેટરનું ગૂંથણ સવળું અને કોલરનું ગૂંથણ અવળું રાખી આગળના ભાગમાંથી ૮ ખુટા પટ્ટીના છોડી કોલરને સાંધવો શરૂ કરો, અને છેડે ૮ ખુટા પટ્ટીના બાકી રહે ત્યાંસુધી સાંધો. પછી કાચમાં ફીટ થાય તેવી રીતે બટન ચોટી જાઓ.

હવે બન્ને પટ્ટીઓના નીચેના છેડા સાંધો. પહેલા ઉપર કાચની પટ્ટી રાખો અને પછી નીચે બટનની પટ્ટી રાખો. ૪, ૪ ખુટા દોઢે ચડાવી બન્ને પટ્ટીઓને સાથે બાંધી જાઓ અને કાજને ઓટી જાઓ.

૨૩. દોઢ વરસનાં બચ્ચાં માટે મોજાં



સુયા—નંબર ૧૫નો સટ ૧.

ઊન—સફેદ ઔંસ ૧॥, અને બ્લુ ઔંસ ૦॥.

ઊનની જાડાઈ—૧૭ નંબરના લોખંડના સુયાની જાડાઈ જેટલી.

ખુટાનું તાણ—૧ ઇંચના ૧૦ ખુટા.

આકૃત્તિ ૩૧ મી

ગૂંથણ

ઉપરની ધારથી શરૂ કરો. બ્લુ ઊન લઈ સટના એક સુયા પર ૨૨ ખુટા નાખો, અને બીજા સુયા પર ૨૦ ખુટા નાખો, અને ત્રીજા સુયાપર ૧૮ ખુટા નાખો એટલે કુલ ૬૦ ખુટા થયા. પછી ત્રીજા સુયા વડે પહેલા સુયા પર ૨૨ ખુટા નાખ્યા છે તેમાંથી ૨ સાદા ખુટા ગૂંથો. એટલે દરેક સુયાપર ૨૦, ૨૦ ખુટા થયા. પછી ચોથો સુયો લઇ નીચે પ્રમાણે ગૂંથણ શરૂ કરો.

૧ લી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨જી લાઇન—૨ સાદા, ૨ ઊંધા, ૨ સાદા, ૨ ઊંધા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

હવે ૨ જી લાઇન પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં ૧૫ લાઇન ગૂંથી જાઓ એટલે ઉપરનો પટો થયો. પછી બ્લુ ઊન તોડી નાખી સફેદ ઊન જોડો. અને નીચે પ્રમાણે ગૂંથો.

૧૬ મી લાઈન—૧ ઉંધો, ૫ સાદા, ૧ ઉંધો, ૫ સાદા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૧૭ મી લાઇન—૧૬મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૧૬ મી લાઇન પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં કુલ ગૂંથણ ૬ ઈંચ થયા પછી નીચે પ્રમાણે એડી ઉતારો.

ચાલુ ભાત પ્રમાણે ૩૦ ખુટા ગૂંથો અને ૩૦ ખુટા બાકી રહે તેને એમ જ રહેવા દો. પછી બે સુયા વડે નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—ગૂં ૦ ફે ૦, ઉંધા ખુટા ગૂંથી જાઓ.

૨જી લાઇન—૨ ખુટા ભેગા, વચ્ચેનું ગૂંથણ સાદા ખુટા ગૂંથી જાઓ, છેલ્લા બે સાદા ભેગા.

૩ જી લાઇન—૨ ઉંધા ભેગા, વચ્ચેનું ગૂંથણ ઉંધા ખુટા ગૂંથો, છેલ્લા ૨ ઉંધા ભેગા.

હવે એક લાઇન ૨જી લાઇન પ્રમાણે અને બીજી લાઇન ૩જી લાઇન પ્રમાણે વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં ૧૦ ખુટા બાકી રહે ત્યાં સુધી ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧૨મી લાઈન—૧ ખુટો ઉંચકો (બાજુની પડખાની ધાર પરથી ખુટા ઉચકવા). પછી ૧૦ સાદા ખુટા ગૂંથો, છેલ્લે ૧ ખુટો ઉંચકો.

૧૩મી લાઇન—૧ ખુટો ઉંચકો, બાકીનું ગૂંથણ ઉંધા ખુટા ગૂંથી જાઓ. છેલ્લે ૧ ખુટો ઉંચકો.

હવે એક લાઇન ૧૨મી લાઇન પ્રમાણે અને બીજી લાઇન ૧૩મી લાઈન પ્રમાણે વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં સુયા પર ૩૦ ખુટા થાય ત્યાં સુધી ગૂંથો. આ ૩૦ ખુટા છે તે નીચેનો ભાગ થશે અને બીજા ૩૦ ખુટા છે તે ઉપરનો ભાગ થશે. હવે તે ૬૦ ખુટાને એકી સાથે ગૂંથો.

૨૩મી લાઇન—જે ઉપરના ભાગના ૩૦ ખુટા છે તેને ચાલુ ભાત

પ્રમાણે ગૂંથી જાઓ. અને નીચેના ૩૦ ખુટા છે તેને સાદા ખુટા ગૂંથો.

૨૪મી લાઇન—૩૦ ખુટા ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. અને નીચેના ૩૦ સાદા ગૂંથો.

હવે ૨૪મી લાઇન પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં ૩ ઇંચ સુધી ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે ફણો ઉતારો.

૧લી લાઇન—૩૦ ખુટા ચાલુ ભાત પ્રમાણે ગૂંથો અને નીચેના ૩૦ ખુટા એમજ રહેવા દો. પછી ઉપરના ૩૦ ખુટાને બે સુયા વડે નીચે પ્રમાણે ગૂંથો.

૨જી લાઇન— ગૂ૦ફે૦. ૨ ઉંધા ભેગા, વચ્ચેનુ ગૂંથણ ઉંધા ખુટા ગૂંથો અને છેલ્લા ૨ ઉંધા ભેગા.

૩જી લાઇન—૨ સાદા ભેગા, વચ્ચેનું ગૂંથણ સાદા ખુટા ગૂંથો અને છેલ્લા ૨ સાદા ભેગા.

હવે એક લાઇન ૨જી લાઇન પ્રમાણે અને બીજી લાઇન ૩જી લાઇન પ્રમાણે વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં સુયા પર ૧૦ ખુટા બાકી રહે ત્યાં સુધી ગૂંથો અને પછી નીચે પ્રમાણે.

૧૨મી લાઇન—૧ ખુટો ઉંચકો. પછી બાકીનું ગૂંથણ ઉંધા ખુટા ગૂંથો. છેલ્લે ૧ ખુટો ઉંચકો.

૧૩મી લાઇન—૧ ખુટો ઉંચકો. બાકીનું ગૂંથણ સાદા ખુટા ગૂંથો. છેલ્લે ૧ ખુટો ઉંચકો

હવે એક લાઇન ૧૨ લાઇન પ્રમાણે અને બીજી લાઇન ૧૩મી લાઇન પ્રમાણે વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં સુયાપર ૩૦ ખુટા થાય ત્યાં સુધી ગૂંથો. પછી આકૃતિ ૧૩મીમાં બતાવ્યા પ્રમાણે તળીયાના ૩૦ ખુટા સાથે સાંધો જોડો અને સાંધો જોડી રહ્યા પછી મજબૂત ટીભ ભરી ઊન તોડી નાખો.

હવે એજ રીત પ્રમાણે અને એજ માપનું બીજું મોજું ગૂંથી જાઓ.

૨૪. ચાર વરસની છોકરીનું પોલકું



આકૃતિ ૩૨ મી

ખુટાનું તાણુ—૧ ઇંચના ૯ ખુટા.

માપ—ખભા ઉપરથી પટાની નીચે સુધી કુલ લંબાઈ ૧૧ ઇંચ, છાતી-એ પહોળાઇ ૨૨ ઇંચ ગોળ બાયું-ની લંબાઇ ૩ા ઇંચ.

સુયા—નંબર ૧૫ના જોડી ૨, પીન નંગ ૨, હુક નંબર ૧૪નો ૧.

ઊન—સફેદ ઔંસ ૨, અને સલેટીયાં ઔંસ ૩. બટન નંગ પાંચ.

ઊનની જાડાઈ—૧૪ નંબરના લોખં-ડના સુયાની જાડાઇ જેટલી.

ગૂંથણ

નીચેની ધારથી શરૂ કરો. સફેદ ઊન લઈ નંબર ૧૫ના સુયા વડે ૨૦૦ ખુટા નાખો. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન-સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨જી લાઇન-૨ સાદા, ૨ ઉંધા, ૨ સાદા, ૨ ઉંધા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૩જી લાઈન-૨જી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૨જી લાઇનિ પ્રમાણે બીજી ૨૦ લાઇનિ ગૂંથી જાઓ. એટલે પટાનું ગૂંથણ પુરું થયું. પછી સફેદ ઊન તોડી નાખી સલેટીઆ ઊન જોડો. અને નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇનિ-૧ ખુ૦ લ૦, પછી ૨ ઉંધા, ૪ સાદા, ૨ ઉંધા, ૪ સાદા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ. છેલ્લે ૧ સાદો

૨ જી લાઈન- ૧ ખુ૦ લ૦, પછી ૨ સાદા, ૪ ઉંધા, ૨ સાદા,

૪ ઉંધા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ. છેલ્લે ૧ ઉંધો.

૩જી લાઇનિ—૧ ખુ૦ લ૦, પછી ૨ ઉંધા, ૪ સાદા, ૨ ઉંધા, ૪ સાદા, એવી રીતે આખી લાઇનિ ગૂંથી જાઓ. છેલ્લે ૧ સાદો.

૪થી લાઈન—૧ ખુ૦ લ૦, પછી ૮ સાદા, ૪ ઉંધા, ૮ સાદા, ૪ ઉંધા, એવી રીતે આખી લાઇનિ ગૂંથી જાઓ. છેલ્લે ૧ ઉંધો.

૫મી લાઈન—૧ ખુ૦ લ૦, પછી ૮ ઉંધા, * હવે ૪ સાદા ખુટા છે તેને સુયા પરથી ઉતારી નાખો. અને આગલા ૨ ખુટાને પહેલાં ડાબા સુયા પર ચડાવો. પછી બીજા ૨ ખુટાને ડાબા સુયા પર ચડાવો. એટલે કુલ ૪ ખુટા થયા. પછી તે ૪ ખુટાને સાદા ખુટા ગૂંથો. ૮ ઉંધા, ફરી આવા * નિશાનથી શરૂ કરી

છેડા સુધી ગૂંથી જાઓ. છેલ્લે ૧ સાદો. અહીં અરધી ભાત પુરી થઈ.

૬ઠી લાઇનિ—૧ ખુ૦ લ૦, પછી ૨ સાદા, ૪ ઉંધા, ૨ સાદા, ૪ ઉંધા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ. છેલ્લે ૧ ઉંધો.

૭મી લાઇનિ—૧ લી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ.

૮મી લાઇન—૬ ઠી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૯મી લાઇન—૧ લી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ.

૧૦મી લાઇનિ—૪ થી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ.

૧૧મી લાઇનિ—૫ મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

અહીં એક વળ પુરો થયો. ફરી ૬ ઠી લાઇનથી શરૂ કરી ૧૧ લાઈન સુધી ગૂંથી જાઓ એટલે બીજો વળ થયો. એજ પ્રમાણે જેટલા વળ ગૂંથવાના હોય તેટલા ગૂંથો.

ઉપર બતાવ્યા પ્રમાણે પટાની ઉપરથી કુલ ૨૨ લાઇન થયા પછી નીચે પ્રમાણે ખિસ્સા ઉતારો.

૨૩મી લાઇનિ—૧૩ ખુટા ચાલુ ભાત પ્રમાણે ગૂંથો. અને * * ૧૪માં ખુટાની અંદર સફેદ ઊન જોડો. પછી સફેદ ઊનથી ૨ સાદા, ૨ ઉંધા, એવી રીતે કુલ ૨૦ ખુટા ગૂંથી જાઓ. પછી ગું૦ ફે૦, અને ૨૦ ખુટાને સફેદ ઊનથી પાંચ લાઇન ૨ સાદા, ૨ ઉંધા, ખુટાની ગૂંથી જાઓ. પછી ૬ઠી લાઇનિ તે ૨૦ ખુટાને બાંધો, અને સફેદ ઊન તોડી નાખો. પછી જે ૨૦ ખુટા બાંધ્યા તેની નીચે અને પટાની ઉપરથી અંદરના ભાગમાંથી સલેટીયાં ઊન અને ૧૫ નંબરના સુયા વડે ૨૦ ખુટા ઉંચકો, પછી તે ૨૦ ખુટાને એક લાઇન સાદા ખુટાની અને બીજી લાઇનિ ઉંધા ખુટાની વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં કુલ ૨૨ લાઇનિ ગૂંથી તે ૨૦ ખુટાને સ્વેટરના ગૂંથણની સાથે ચાલુ ભાત

પ્રમાણે ગૂંથી જાઓ. એટલે એક ખિસ્સો ગૂંથાયો. + પછી ૩૩ ખુટા બાકી રહે ત્યાં સુધી ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

ફરી બીજો ખિસ્સો ગૂંથવા માટે આવા * * નિશાનથી બીજો ખિસ્સો ગૂંથવો શરૂ કરો અને આવા + નિશાન સુધી ગૂંથી જાઓ. એટલે બીજો ખિસ્સો પૂરો થયો, હવે બાકી રહેલા ૧૩ ખુટાને ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. એટલે ખિસ્સાનું ગૂંથણ પુરૂં થયું.

હવે ચાલુ ભાત પ્રમાણે દોરડાં ભાત ગૂંથતાં ગૂંથતાં પટાની ઉપરથી કુલ ૬૬ લાઈન ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે હાથની ગોળાઈ ઉતારો.

૬૭મી લાઈન—ચાલુ ભાત પ્રમાણે ૪૭ ખુટા ગૂંથો અને બાકીના ખુટાઓને બે પીન પર ઉતારી નાખી સુયા પરના ૪૭ ખુટાને ગૂંથો. એટલે આગળનો ગળાનો એક બાજુનો ભાગ ગૂંથાશે.

૬૮મી લાઈન—ગૂં૦ ફે૦, ૬ ખુટા બાંધો, બાકીનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૬૯મી લાઈન—૧ખુ૦ લ૦, પછી ચાલુ ભાત પ્રમાણે ૨ ખુટા બાકી રહે ત્યાં સુધી ગૂંથી જાઓ, છેલ્લા ૨ ખુટા ભેગા.

૭૦મી લાઈન—ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૭૧મી લાઈન—૬૯મી લાઈન પ્રમાણે ગૂંથો.

હવે એક લાઈન ૭૦મી લાઈન પ્રમાણે અને બીજી લાઈન ૬૯મી લાઈન પ્રમાણે વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં સુયા પર ૩૩ ખુટા રહે ત્યાં સુધી ગૂંથી જાઓ. એટલે કુલ ૧૪ ખુટા ઘટયા. હવે નીચે પ્રમાણે ગળાની ગોળાઈ ઉતારો,

૮૮મી લાઈન—૨ ખુટા ભેગા, બાકીનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૮૯મી લાઈન—ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

હવે એક લાઇન ૮૮મી લાઇન પ્રમાણે અને બીજી લાઇન ૮૯મી લાઇન પ્રમાણે વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં ૨૨ ખુટા બાકી રહે ત્યાં સુધી ગૂંથો. પછી બાકી રહેલા ૨૨ ખુટાને ચાલુ ભાત પ્રમાણે બીજી ૬ લાઇન ગૂંથી ખુટા બાંધો. એટલે ગળાની એક બાજુનો ભાગ ગૂંથાયો. હવે બીજી બાજુના ભાગને ગૂંથવા માટે બીજા છેડાના પહેલા ખુટાની અંદર સલેટીયાં ઊન જોડો, અને ૪૭ ખુટા ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ. બાકીના ખુટાને પીન પર એમજ રહેવા દો, અને સુયા પરના ખુટાને ૬૮મી લાઇનથી ગૂંથણુ શરૂ કરી ઉપરના પહેલા ભાગની માફક અને એજ રીત પ્રમાણે ગૂંથી જાઓ, એટલે આગળનો ભાગ પુરો થયો. પછી પીઠનો ભાગ નીચે પ્રમાણે ગૂંથો.

પહેલા ખુટાની અંદર ઊન જોડો. પછી એક લાઇન ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૬૮મી લાઇન—૬ ખુટા બાંધો. બાકીનું ગૂંથણ ચાલુ પ્રમાણે ગૂંથી જાઓ.

૬૯મી લાઇન—૬ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૭૦મી લાઇન—૨ ખુટા ભેગા, વચ્ચે ગૂંથણુ ચાલુ ભાત પ્રમાણે ગૂંથો, છેલ્લા ૨ ખુટા ભેગા.

૭૧મી લાઇન—ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૭૨મી લાઇન—૭૦મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૭૩મી લાઇન—૭૧મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૭૪મી લાઇન —૭૦મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૭૫મી લાઇન—૭૧મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૭૬મી લાઇન—૭૦મી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ. અહીં હાથની ગોળાઈ પુરી થઈ. બન્ને બાજુએ ૧૦, ૧૦ ખુટા ઘટયા. હવે સુયા પરના ખુટાને પટાની ઉપરથી કુલ ૧૧૦ લાઈન સુધી ગૂંથા ખુટા બાંધો. એટલે પીઠનો ભાગ પુરો થયો.

બાંયુ

સફેદ ઊન લઈ નંબર ૧૫ના સુયા વડે ૬૮ ખુટા નાખો, પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઈન—૨ સાદા, ૨ ઉંધા, ૨ સાદા, ઉંધા, એવી રીતે આખી લાઈન ગૂંથી જાઓ.

૨જી લાઈન—૧લી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ. હવે ૨જી લાઇનિ પ્રમાણે બીજી ૨ લાઈન ગૂંથી જાઓ. પછી સફેદ ઊન તોડી નાખી સલેટીયાં ઊન જોડો.

૫મી લાઇનિ—૧ ખુટા નાખો, બાકીનું ગૂંથણુ સ્વેટરની ૧લી લાઈનથી શરૂ કરો, અને છેડા સુધી ગૂંથી જાઓ.

૬ઠી લાઇનિ—૧ ખુટા નાખો, બાકીનું ગૂંથણુ ચાલુ દોરડાં ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ચાલુ ભાત પ્રમાણે ૧, ૧, ખુટા વધારતાં વધારતાં બન્ને બાજુને છેડે ૪, ૪, ખુટા વધારો. પછી ૪ લાઇનિ ચાલુ ભાત પ્રમાણે ગૂંથો.

૫મી લાઇનિ—૬ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૬ઠી લાઇનિ—૬ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ ચાલુ ભાત પ્રમાણે ગુંથી જાઓ.

૭મી લાઇનિ—૨ ખુટા ભેગા, બાકીનું ગૂંથણુ ચાલુ ભાત પ્રમાણે ગુંથી જાઓ.

૮મી લાઈન—૨ ખુટા ભેગા, બાકીનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૭મી લાઇનિ પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં કુલ ગૂંથણ ૩ ઇંચ થયા પછી ખુટા બાંધો. હવે એ જ રીત પ્રમાણે બીજી બાજુની બાંય ગૂંથી જાઓ.

કોલર

સફેદ ઊન લઈ નંબર ૧૫ના સુયા વડે ૯૮ ખુટા નાખો. પછી ૪ લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે ભાત શરૂ કરો.

૫મી લાઇન— (૧ સાદો, ઊન આગળ, ૧ સાદો) કુલ ૩ વાર. * પછી ૨ સાદા ભેગા કુલ ૬ વાર, (ઊન આગળ, ૧ સાદો,) કુલ ૬ વાર, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ. છેલ્લે ૧ સાદો.

૬ઠી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૭મી લાઇનિ—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૮મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૯મી લાઇનિ—૫મી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૦ મી લાઇનિ—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૧૧મી લાઈન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૧૨મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૧૩મી લાઈન—૨૪ ખુટા બાંધો, બાકીનું ગૂંથણ ૨૪ ખુટા બાકી રહે ત્યાં સુધી ૫મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. અને છેલ્લા ૨૪ ખુટા સાદા.

૧૪મી લાઈન—૨૪ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ ઉંધા ખુટા.

૧૫મી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૧૬મી લાઈન—૨૬ ખુટા બાંધો, બાકીનું ગૂંથણ સાદા ખુટા ગૂંથી જાઓ.

૧૭મી લાઇનિ—૨૬ ખુટા બાંધો, બાકીનું ગૂંથણ સાદા ખુટા ગૂંથી જાઓ.

૧૮મી લાઇનિ—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૧૯મી લાઇન—૨ ખુટા ભેગા, વચ્ચેનું ગૂંથણ સાદા ખુટા ગૂંથી જાઓ. છેલ્લા ૨ ખુટા ભેગા.

૨૦મી લાઇનિ—ઉંધા ખુટા ગૂંથતા જાઓ અને ખુટા બાંધતાં જાઓ.

બટનની પટીઓ

સફેદ ઊન લઇ નંબર ૧૫ ના સુયા વડે ૧૨ ખુટા નાખો. પછી નંબર ૧૫ નો બીજો સુયો લઇ નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઈન—૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૨જી લાઇન—૧ ખુ૦ લ૦, પછી ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, એવી રીતે આખી લાઇનિ ગૂંથી જાઓ.

૩જી લાઇનિ—૧ ખુ૦ લ૦, પછી ૧ ઉંધો, ૧ સાદો, ૬ ખુટા બાંધો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો.

૪થી લાઇનિ—૧ ખુ૦ લ૦, પછી ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો ૬ ખુટા નાખો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો. અહીં એક કાચ ગૂંથાયો.

૫મી લાઇનિ—૨ જી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૨ જી લાઇનિ પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં ૨॥ ઇંચ સુધી ગૂંથી જાઓ. પછી એક લાઇનિ ૩ જી લાઇન પ્રમાણે અને બીજી લાઇનિ ૪ થી લાઇનિ પ્રમાણે ગૂંથો. એટલે બીજો કાચ ગૂંથાયો. ફરી ૨॥ ઇંચ સુધી ગૂંથી ત્રીજો કાચ ગૂંથો. એવી રીતે ગૂંથતાં ગૂંથતાં


કુલ પાંચ કાચ ગૂંથી જાઓ. પછી ૨ લાઇનિ ચાલુ ભાત પ્રમાણે ગૂંથી ખુટા બાંધો એટલે કાચની પટીનું ગૂંથણ પુરૂં થયું. પછી એજ માપની બીજી બાજુની પટી ગૂંથો, પણ કાચ પાડવા નહિ.

હવે સફેદ ઊન લઈ નંબર ૧૪ ના હુક વડે ચિત્રમાં બતાવ્યા મુજબ બાંયું અને કોલરને ફરતી બહારની ધાર પર બોર્ડર બાંધી જાઓ.

સાંધા જોડો

પહેલાં ગૂંથણ અવળું રાખી ખભા ઉપરના સાંધા જોડો. પછી બાંયું સાંધો. હવે કોલર સાંધવા માટે સફેદ ઊન અને નંબર ૧૪ ના હુક વડે બન્ને ગૂંથણ સવળાં રાખી આગળની એક બાજુએથી કોલરને હુક અને સફેદ ઊનથી બોર્ડર બાંધતાં બાંધતાં ફરતો સાંધી જાઓ. કોલર જોઇએ તેટલો લાંબો ટુંકો રાખવો જેથી છેડે આવતાં લાંબો ટુંકો રહે નહિ. પછી બાજુની પટીઓ સાંધો. હવે કાચની અંદર ફીટ થાય તેવી રીતે બટન ચોડી જાઓ અને કાચ ઓટી જાઓ. પછી ખિસ્સાની અંદરનાં પડખાંને સાંધો અને ખિસ્સા ઉપરની સફેદ બોર્ડર સાંધી જાઓ.

૨૫. સ્ત્રીઓનું જંપર



આકૃતિ ૩૩ મી

માપ–ખભા ઉપરથી પટાની નીચે સુધી કુલ લંબાઇ ૧૭ ઇંચ, છાતીએ પહોળાઇ ૨૭ ઇંચ ગોળ. બાંયુંની લંબાઈ ૪ ઇંચ.

સુયા–નંબર ૮ના જોડી ૧, નંબર ૧૨ના જોડી ૧, નંબર ૧૫ નો સટ ૧, હુક નંબર ૧૪નો ૧, અને પીન નંગ ૨.

ઊન–બ્લુ ઔંસ પા, સફેદ ઔંસ ૧, અને બટન નંગ ૬.

ઊનની જાડાઇ—૧૫ નંબરના લોખંડના સુયાની જાડાઈ જેટલી.
ખુટાનું તાણુ—૧ ઇંચના ૬ા ખુટા.

ગૂંથણુ

નીચેની ધારથી શરૂ કરો. બ્લુ ઊન લઇ નંબર ૮ના સુયા વડે ૨૦૬ ખુટા નાખો. પછી નંબર ૧૨નો સુયો લઇ નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ. પછી નંબર ૮નો સુયો ખાલી થયો તેને એક બાજુ મુકી નંબર ૧૨ના સુયા વડે ગૂંથો

૨જી લાઇન—૧ ખુ૰ લ૰, પછી ૨ સાદા, ૨ ઉંધા, ૨ સાદા, ૨ ઉંધા, એવી રીતે આખી લાઇન ગૂંથા જાઓ. છેલ્લે ૧ સાદો.

૩જી લાઇન—૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

હવે ૨ જી લાઇન પ્રમાણે ગૂંથતા ગૂંથતા ૩ ઇંચ સુધી ગૂંથી જાઓ. એટલે પટાનું ગૂંથણ પુરૂં થયું. પછી બ્લુ ઊન તોડી નાખી સફેદ ઊન જોડો, અને નંબર ૧૨નો સુયો ખાલી થયો તેને એક બાજુ મુકી નંબર ૮ના સુયા વડે નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—૧ ખુ૰ લ૰, બાકીનું ગૂંથણ સાદા ખુટા ગૂંથી જાઓ. હવે નંબર ૧૨નો સુયો ખાલી થયો તેને એક બાજુ મુકી નંબર ૮ના સુયા વડે નીચે પ્રમાણે ગૂંથો.

૨જી લાઇન—૧ ખુ૰ લ૰, બાકીનું ગૂંથણ ઉંધા ખુટા ગૂંથી જાઓ.

૩જી લાઇન—૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૪થી લાઇન—૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. હવે સફેદ ઊન તોડી નાખી બ્લુ ઊન જોડો. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—૧ ખુ૰ લ૰, બાકીનું ગૂંથણ સાદા ખુટા ગૂંથી જાઓ.

૨જી લાઇન—૧ ખુ૰ લ૰, બાકીનું ગૂંથણુ ઉંધા ખુટા ગૂંથી જાઓ.

હવે એક લાઈન સાદા ખુટાની અને બીજી લાઈન ઉંધા ખુટાની વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં ૭ લાઈન ગૂંથો. પછી બ્લુ ઊન તોડી નાખી સફેદ ઊન જોડો અને સફેદ ઊનથી એક લાઈન સાદા ખુટાની ગૂંથી જાઓ.

૨જી લાઈન—૧ ખુ૦ લ૦, બાકીનું ગૂંથણ સાદા ખુટા ગૂંથી જાઓ.

૩જી લાઈન—૧ ખુ૦ લ૦, બાકીનું ગૂંથણ ઉંધા ખુટા ગૂંથી જાઓ.

૪થી લાઈન--૧ ખુ૦ લ૦, બાકીનું ગૂંથણ સાદા ખુટા ગૂંથી જાઓ.

હવે સફેદ ઊન તોડી નાખી બ્લુ ઊન જોડો અને એક લાઈન બ્લુ ઊનથી સાદા ખુટાની ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે દોરડાં ભાત શરૂ કરો.

૧લી લાઈન—૧ ખુ૦ લ૦, * પછી ૨ સાદા, ૪ ઉંધા, ૨ સાદા, ૬ ઉંધા, ફરી આવા* નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ. છેલ્લે ૧ ઉંધો.

૨જી લાઈન—૧ ખુ૦ લ૦, * પછી ૨ ઉંધા, ૪ સાદા, ૨ ઉંધા, ૬ સાદા, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ. છેલ્લે એક સાદો.

૩જી લાઈન —૧લી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ.

૪થી લાઇન—૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૫મી લાઇન-- ૧ ખુ૦ લ૦, પછી ૮ સાદા, ૬ ઉંધા, ૮ સાદા, ૬ ઉંધા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ. છેલ્લે ૧ ઉંધો.

૬ઠી લાઇન—૧ ખુ ૦ લ ૦, * ૮ ઉંધા, હવે ૬ સાદા ખુટા છે તેને સુયા પરથી ઉતારો. પછી પહેલાં આગલા ૩ ખુટા ડાબા સુયા પર ચડાવો અને પછી પાછલા ૩ ખુટાને ડાબા સુયા પર ચડાવી દો. એટલે કુલ ૭ ખુટા થયા. હવે તે ખુટાને ૬ સાદા ખુટા

ગૂંથો. ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ. છેલ્લે ૧ સાદો. અહીં અરધી ભાત પુરી થઈ.

૭મી લાઇન—૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. હવે નીચે પ્રમાણે ખિસ્સા ઉતારો.

૮મી લાઇન—૧૭ ખુટા ૨જી લાઇન પ્રમાણે ગૂંથો. પછી ૧૮ ખુટા બાંધો, અને ૩૫ ખુટા બાકી રહે ત્યાં સુધી ૨જી લાઇનિ પ્રમાણે ગૂંથો. ફરી ૧૮ ખુટા બાંધો, ૨ ઉંધા, ૬ સાદા, ૨ ઉંધા, ૪ સાદા, ૨ ઉંધા, છેલ્લે ૧ સાદો.

૯મી લાઇન—૧૭ ખુટા ૧લી લાઇન પ્રમાણે ગૂંથો. * પછી જે ૧૮ ખુટા બાંધ્યા છે તેની નીચે અને પટાની ઉપર બ્લુ ઊન અને નંબર ૧૪ના સુયા વડે ૧૮ ખુટા ઉંચકો. પછી નંબર ૧૪નો બીજો સુયો લઈ તે ૧૮ ખુટાને એક લાઇનિ સાદા ખુટાની અને બીજી લાઇન ઉંધા ખુટાની વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં ૩૦ લાઇનિ ગૂંથી જાઓ. હવે સ્વેટરના ગૂંથણની સાથે તે ૧૮ ખુટાને ૧ લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. અને પાછળના ગૂંથણની ઊન તોડી નાખો. એટલે એક ખિસ્સો ગૂંથાયો. હવે ૩૫ ખુટા બાકી રહે ત્યાં સુધી ૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. પછી બીજો ખિસ્સો ગૂંથવા માટે આવા * નિશાનથી શરૂ કરી પહેલા ખિસ્સાની માફક બીજા ખિસ્સાને ગૂંથી જાઓ. અને બાકીના ૧૭ ખુટાને ૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. અહીં ખિસ્સાનું ગૂંથણ પુરૂં થયું. હવે નીચે પ્રમાણે ગૂંથો.

૧૦મી લાઇન—૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૧મી લાઇન—૧લી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ.

૧૨મી લાઇન—૨જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૩મી લાઇન— ૧ ખુ૦ લ૦, પછી ૮ સાદા, ૬ ઉંધા, ૮ સાદા, ૬ ઊંધા, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ. છેલ્લે ૧ ઉંધો.

૧૪મી લાઇન—૬ઠ્ઠી લાઇન પ્રમાણે ગૂંથો જાઓ. અહીં એક દોરડું પુરૂં થયું. ફરી ૭મી લાઇનિથી શરૂ કરી ૧૪મી લાઇન સુધી ગૂંથો, એટલે બીજું દોરડું ગૂંથાયું. હવે જેટલાં દોરડાં ગૂંથવાનાં હોય તેટલાં ઉપરની રીત પ્રમાણે ગૂંથો.

હવે ચાલુ ભાત પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં કુલ ગૂંથણ ૧૦॥ ઇંચિ થયા પછી નીચે પ્રમાણે હાથની ગોળાઈ ઉતારો.

૧લી લાઇન—ચાલુ ભાત પ્રમાણે ૫૦ ખુટા ગૂંથો અને બાકી રહેલા ખુટાઓને બે પીન પર ઉતારી નાખી સુયા પરના ખુટાને ગૂંથો એટલે આગળનો ગળાનો એક બાજુનો ભાગ ગૂંથાશે. * *

૨જી લાઇનિ—ગૂં૦ ફે૦, ૮ ખુટા બાંધો, બાકીનું ગૂથણ ચાલુ ભાત પ્રમાણે ગૂંથો જાઓ.

૩જી લાઇનિ—ચાલુ ભાત પ્રમાણે ગૂંથો જાઓ. છેલ્લા બે ખુટા ભેગા.

૪થી લાઇનિ—ચાલુ ભાત પ્રમાણે ગૂંથો જાઓ.

હવે એક લાઇન ૩જી લાઇન પ્રમાણે અને બીજી લાઇનિ ૪થી લાઇન પ્રમાણે વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં સુયા પર ૩૪ ખુટા રહે ત્યાં સુધી ગૂંથો જાઓ. એટલે હાથની ગોળાઈ પુરી થઈ અને કુલ ૧૬ ખુટા ઘટયા. પછી બાકી રહેલા ૩૪ ખુટાને ઘટાડયા વગર ચાલુ ભાત પ્રમાણે બીજી ૧૪ લાઇનિ ગૂંથો નીચે પ્રમાણે ગળાની ગોળાઈ ઉતારો.

૩૨મી લાઇનિ—૨ ખુટા ભેગા, બાકીનું ગૂંથણ ચાલુ ભાત પ્રમાણે ગૂંથો જાઓ.

૩૩મી લાઇનિ—ચાલુ દોરડાં ભાત પ્રમાણે ગૂંથો જાઓ.

હવે એક લાઇન ૩૨મી લાઇન પ્રમાણે અને બીજી લાઇન ૩૩મી લાઇનિ પ્રમાણે વારા ફરતી ગૂંથતાં ગૂંથતાં સુયા પર ૨૩ ખુટા બાકી રહે ત્યાં સુધી ગૂંથો. પછી બાકી રહેલા ૨૩ ખુટાને

ઘટાડયા વગર સીધે સીધું ચાલુ દોરડાં ભાત પ્રમાણે કુલ ગૂંથણ ૧૭ ઇંચ થયા પછી ખુટા બાંધો, એટલે ગળાનો એક બાજુનો ભાગ ગૂંથાયો. હવે આગળના ગળાના બીજી બાજુના ભાગને ગૂંથવા માટે બીજી બાજુના છેડાના પહેલા ખુટાની અંદર બ્લુ ઊન જોડો અને ચાલુ દોરડાં ભાત પ્રમાણે ૫૦ ખુટા ગૂંથી જાઓ. બાકીના ખુટાને પીન પર એમજ રહેવા દો અને સુયા પરના ૫૦ ખુટાને આવા * * નિશાનથી ગૂંથણ શરૂ કરો. પછી પહેલા ભાગની માફક અને એ જ રીત પ્રમાણે ગળાના બીજી બાજુના ભાગને ગૂંથી જાઓ. એટલે આગળનો ભાગ પુરો થયો. હવે પીઠના ભાગને ગૂંથવા માટે પીન પરના પહેલા ખુટાની અંદર ઊન જોડો અને નીચે પ્રમાણે ગૂંથણ શરૂ કરો.

૧લી લાઇન—ચાલુ દોરડાં ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૨જી લાઇન—૮ ખુટા બાંધો, બાકીનું ગૂંથણ ચાલુ દોરડાં ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૩જી લાઇન—૧લી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૪થી લાઇન—૨ ખુટા ભેગા, વચ્ચેનું ગૂંથણ ચાલુ દોરડાં ભાત પ્રમાણે, છેલ્લા ૨ ખુટા ભેગા.

૫મી લાઇન—ચાલુ દોરડાં ભાત પ્રમાણે ગૂંથી જાઓ.

૬ઠી લાઇન—૩જી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ. અહીં હાથની ગોળાઈ પુરી થઈ. કુલ ૧, ૧, બાજુએ ૧૦, ૧૦, ખુટા ઘટયા. હવે બાકી રહેલા ૮૬ ખુટાને ઘટાડયા વગર સીધે સીધું ચાલુ દોરડાં ભાત પ્રમાણે ગૂંથતાં ગૂંથતાં કુલ ગૂંથણ ૧૭ ઇંચ થયા પછી ખુટા બાંધો. એટલે પીઠનો ભાગ પુરો થયો.

બાંયુ

બ્લુ ઊન લઈ નંબર ૮ના સુયા વડે ૬૮ ખુટા નાખો અને નંબર ૮નો બીજો સુયો લઇ નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઈન—ઊંધા ખુટાની ગૂંથી જાઓ.

૨જી લાઈન—૧ સાદો, * (ઊન આગળ ૧ સાદો,) કુલ ૩ વાર. પછી ઊન આગળ, ૨ સાદા ભેગા, (૨ સાદા ભેગા,) કુલ ૬ વાર ઊન આગળ, ૨ સાદા ભેગા, (ઊન આગળ, ૧ સાદો,) કુલ ૩ વાર, ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ. છેલ્લે ૧ સાદો.

૩જી લાઈન—ઊંધા ખુટાની ગૂંથી જાઓ.

૪થી લાઈન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૫મી લાઈન—ઊંધા ખુટાની ગૂંથી જાઓ. પછી બ્લુ ઊન તોડી નાખી સફેદ ઊન જોડો અને સફેદ ઊનથી નીચે પ્રમાણે ગૂંથો.

૬ઠી લાઈન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૭મી લાઈન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૮મી લાઈન— ઊંધા ખુટાની ગૂંથી જાઓ. હવે સફેદ ઊન તોડી નાખી બ્લુ ઊન જોડો, અને બ્લુ ઊન વડે નીચે પ્રમાણે ગૂંથો.

૯મી લાઈન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૧૦મી લાઈન—ત્રીજી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ, અને છેલ્લે ૧ ખુટો નાખો.

૧૧મી લાઈન—ઊંધા ખુટાની ગૂંથી જાઓ, અને છેલ્લે ૧ ખુટો નાખો.

૧૨મી લાઈન—૧ સાદો, બાકીનું ગૂંથણ ૨જી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ. છેલ્લા ૨ ખુટા સાદા.

૧૩મી લાઈન—ઊંધા ખુટાની ગૂંથી જાઓ. અને છેલ્લે ૧ ખુટો નાખો. હવે બ્લુ ઊન તોડી નાખી સફેદ ઊન જોડો અને સફેદ ઊનથી નીચે પ્રમાણે ગૂંથો.

૧૪મી લાઈન—સાદા ખુટાની ગૂંથી જાઓ. અને છેલ્લે ૧ ખુટો નાખો.

૧૫મી લાઈન—૧૪મી લાઈન પ્રમાણે ગૂંથો. છેલ્લે ૧ ખુટો નાખો.

૧૬મી લાઈન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ, અને છેલ્લે ૧ ખુટો નાખો. હવે સફેદ ઊન તોડી નાખી બ્લુ ઊન જોડો.

૧૭ મી લાઇન—૩ સાદા, બાકીનું ગૂંથણુ ૨જી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ, છેલ્લા ૩ ખુટા સાદા, અને છેલ્લે ૧ ખુટો નાખો.

૧૮ મી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ. અને છેલ્લે ૧ ખુટો નાખો.

૧૯ મી લાઇન—૪ સાદા, બાકીનું ગૂંથણુ ૨જી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ, છેલ્લા ૪ સાદા.

૨૦ મી લાઇન—૮ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ ઉંધા ખુટા ગૂંથી જાઓ.

૨૧ મી લાઈન—૮ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ સાદા ખુટા ગૂંથી જાઓ. હવે બ્લુ ઊન તોડી નાખી સફેદ ઊન જોડો, અને સફેદ ઊન વડે નીચે પ્રમાણે ગૂંથો.

૨૨ મી લાઈનિ—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૨૩ મી લાઇન—૨ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ ઉંધા ખુટા ગૂંથી જાઓ.

૨૪ મી લાઈન—૨ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ સાદા ખુટા ગૂંથી જાઓ. હવે સફેદ ઊન તોડી નાખી બ્લુ ઊન જોડો.

૨૫ મી લાઇનિ—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૨૬ મી લાઇનિ—૨ ખુટા ભેગા, બાકીનું ગૂંથણુ ૨જી લાઈન પ્રમાણે ગૂંથી જાઓ, છેલ્લા ૨ ખુટા ભેગા.

૨૭મી લાઈન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૨૮મી લાઈન—૨ ખુટા ભેગા, વચ્ચેનું ગૂંથણુ ૨જી લાઇનિ પ્રમાણે ગૂંથી જાઓ. છેલ્લા ૨ ખુટા ભેગા.

૨૯મી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૩૦મી લાઇન—સાદા ખુટા ગૂંથતાં જાઓ અને ખુટા બાંધતાં જાઓ. ખુટા બાંધી રહ્યા પછી ઊન તોડી નાખી બાકી રહેલા છેલ્લા ખુટાની અંદર પરોવી બહાર કાઢો. હવે બીજી બાજુની બાંયને ઉપરની બાંયની માફક અને એજ રીત પ્રમાણે ગૂંથી જાઓ.

કોલર

બ્લુ ઊન લઇ નંબર ૮ના સુયા વડે ૧૨૪ ખુટા નાખો. પછી નંબર ૮નો બીજો સુયો લઈ ૪ લાઇન સાદા ખુટાની ગૂંથી જાઓ. પછી નીચે પ્રમાણે ભાત શરૂ કરો.

૫મી લાઇન—૧ સાદો, (ઊન આગળ, ૧ સાદો) કુલ ૩ વાર. * પછી ઊન આગળ, ૨ સાદા ભેગા, ૨ સાદા ભેગા, કુલ ૬ વાર. ફરી ઊન આગળ, ૨ સાદા ભેગા, (ઊન આગળ, ૧ સાદો.) કુલ ૬ વાર. ફરી આવા * નિશાનથી શરૂ કરી છેડા સુધી ગૂંથી જાઓ. છેલ્લે ૧ સાદો.

૬ઠી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ. હવે બ્લુ ઊન તોડી નાખી સફેદ ઊન જોડો. અને સફેદ ઊન વડે નીચે પ્રમાણે ગૂંથો.

૭મી લાઈન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૮મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ. હવે સફેદ ઊન તોડી નાખી બ્લુ ઊન જોડો.

૯મી લાઈન—૫મી લાઇન પ્રમાણે ગૂંથી જાઓ.

૧૦મી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૧૧મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૧૨મી લાઇન—સાદા ખુટાની ગૂંથી જાઓ.

૧૩મી લાઇન—ઉંધા ખુટાની ગૂંથી જાઓ.

૧૪મી લાઇન—૩ સાદા, ૨ સાદા ભેગા, ૩ સાદા, ૨ સાદા ભેગા, એવા રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૧૫મી લાઇન—૧૨ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ ઉંધા ખુટાનું ગૂંથી જાઓ.

૧૬મી લાઇન—૧૨ ખુટા બાંધો, બાકીનું ગૂંથણુ ઉંધા ખુટા ગૂંથી જાઓ.

૧૭મી લાઇન—ઉંધા ખુટા ગૂંથી જાઓ.

૧૮મી લાઇન—સાદા ખુટા ગૂંથો અને ખુટા બાંધો.

બટનની પટીઓ

સફેદ ઊન લઇ નંબર ૧૫ના સુયા વડે ૧૦ ખુટા નાખો. પછી નીચે પ્રમાણે ગૂંથો.

૧લી લાઇન—૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, એવી રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૨જી લાઇન— ૧ ખુ૦ લ૦, ૧ ઉંધો, ૧ સાદો, ૧ ઉંધો, ૧ સાદો, એવા રીતે આખી લાઇન ગૂંથી જાઓ.

૩જી લાઇન—૧ ખુ૦ લ૦, ૧ ઉંધો, ૬ ખુટા બાંધો, ૧ સાદો, ૧ ઉંધો.

૪થી લાઇન—૧ ખુ૦ લ૦, ૧ ઉંધો, ૬ ખુટા નાખો, ૧ સાદો, ૧ ઉંધો. અહીં એક કાચ ગૂંથાયો. પછી ૨જી લાઇન પ્રમાણે ગૂંથતા ગૂંથતા બીજી ૧૬ લાઇન ગૂંથી જાઓ. ફરી ૧૭મી લાઇન ૩જી લાઇન પ્રમાણે અને ૧૮મી લાઇન ૪થી લાઇન પ્રમાણે ગૂંથી કાચ પાડો, ફરી ૧૬ લાઇન ચાલુ ભાત પ્રમાણે ગૂંથી ત્રીજો કાચ પાડો, એવી રીતે કુલ સાત કાચ થયા પછી ૨ લાઇન ચાલુ ભાત પ્રમાણે ગૂંથી ખુટા બાંધો. પછી એજ માપની બીજી બાજુની પટી ગૂંથો પણ કાચ પાડવા નહિ.

હવે સફેદ ઊન લઈ નંબર ૧૪ના હુક વડે ચિત્રમાં બતાવ્યા મુજબ બાંયું તથા ખિસ્સા ઉપરની ધારપર અને કોલરને ફરતી બોર્ડર બાંધો.

સાંધા જોડો.

પહેલાં ગૂંથણુ અવળું રાખી ખભા ઉપરના સાંધા જોડો. પછી બાંયું સાંધો. હવે કોલર સાંધવા માટે બ્લુ રંગનો એક હાથ લાંબો દોરો સોયમાં પરોવી સ્વેટરનું ગૂંથણ સવળું અને કોલરનું ગૂંથણુ અવળું રાખી એક છેડેથી સાંધવો શરૂ કરો. કોલર જોઇએ તેટલો તાણવો કે છેડે આવતાં લાંબો ટુંકો રહે નહિ. પછી બાજુની પટીઓ સાંધો. ડાબી બાજુએ કાચની પટી સાંધો અને જમણી બાજુએ બટનની પટીને સાંધી કાચની અંદર ફીટ થાય તેવી રીતે બટન ચોઢી જાઓ અને કાચ ઓટી જાઓ. પછી ખિસ્સાના અંદરનાં પડખાંને સાંધો. હવે કોલરને ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સ્વેટરની સાથે સાંધી જાઓ.

કોરી કેળવણી

[સારૂં સારૂં તે સુરત શેર, મુંબઇ અલબેલી—એ રાગ]

નહિ નહિ સુધારે કામ—કોરી કેળવણી.
જો સદ્‌ગુણની નહિ હોય—સાથે મેળવણી. ટેક.

વાંચન શીખ્યાં, લખતાં શીખ્યાં, લઇને લેખણ હાથ ?
ભૂગળને ઇતિહાસ શીખ્યાં, દેશ દેશની વાત; કોરી કેળવણી; નહિ નહિ

જાત જાતનું જોવા શીખ્યાં, બાગ બગીચે ફરવા રે,
પણ સાસુ-સસરાની સેવા કદિ ન શીખ્યાં કરવા; કોરી૦

ઘુઘરીયાળાં બહેન-પોલકાં, શીખ્યાં અંગે ધરવા રે,
ગરીબ પતિની આવક કરતાં ખર્ચ વધારે કરવા. કોરી૦

લુખું સૂકું ભણતર શીખ્યાં, ધર્યાં ન સદ્‌ગુણ થોડા રે,
તો શોભા કેમ આપે બેનો, ઉંચી એડીના જોડા; કોરી૦

ઝીણી સાડિ વદતાં શીખ્યાં, ચટક મટકતી ચાલ રે,
પણ નહિ વિનય સરલતા શીખ્યાં, તો તેમાં શું સાર ? કોરી

ભલે ભણીને ભાતે શીખ્યાં, વિદ્યા શ્રેષ્ઠ અપાર રે,
પણ જો સદ્‌ગુણ એક ન શીખ્યાં, ભણતરને ધીક્કાર રે. કોરી૦

હરિશંકર વિદ્યાર્થી